નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :9 OCTOBER 2024 | WEDNESDAY | Page :8 | Year : 2 | Issue :163 | Price: 2/-







# હરિયાણામાં બહુમતી સાથે ભાજપની હેટ્રીક કાશ્મીરમાં કોંગ્રેસ - એનસી ગઠબંધનની સરકાર

## હરિયાણામાં મત ગણતરીના પ્રારંભિક કલાકોમાં મોટી ઉથલપાથલ બાદ અચાનક ભાજપે બાજી મારી લીધી

હરિયાણામાં ભાજપ ત્રીજી વખત સરકાર બનાવશે. રાજ્યમાં આવું કરનાર તે એકમાત્ર પાર્ટી હશે. રાજ્યની કુલ ૯૦ બેઠકોમાંથી પાર્ટીએ ૪૮ બેઠકો જીતીને બહુમતી હાંસલ કરી છે. ૨ બેઠક પર હજુ સત્તાવાર જાહેરાત બાકી છે. ગત ચૂંટણીની સરખામણીમાં આ વખતે ૮ બેઠકનો ફાયદો થયો છે.બીજી તરફ કોંગ્રેસે ૩૭ બેઠકો જીતી છે. આ ચૂંટણીમાં તેને ૬ બેઠકોનો ફાયદો પણ થયો છે. મુખ્યમંત્રી નાયબ સૈની લાડવા અને કોંગ્રેસના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર હુડ્ડા ગઢી-સાંપલા બેઠક પરથી જીત્યા છે.

કોંગ્રેસે પરિણામને ચોંકાવનારું ગણાવ્યું છે. સીએમ સૈનીએ કહ્યું કે જનતાએ કોંગ્રેસના જુઠ્ઠાણાને ફગાવી દીધું છે. બીજેપીની લીડ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સીએમ નાયબ સિંહ સૈનીને ફોન કરીને જીત પર અભિનંદન પાઠવ્યા. આ દરમિયાન સમાચાર આવી રહ્યા છે કે નવી સરકારનો શપથ ગ્રહણ દશેરા એટલે કે ૧૨મી ઓક્ટોબરે થઈ શકે છે.સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ હતી. વલણો આવતાની સાથે જ કોંગ્રેસે આગેવાની લીધી હતી અને થોડા જ સમયમાં એકતરફી જીતના માર્ગે હતી. પાર્ટી ૬૫ સીટોને સ્પર્શી ગઈ હતી. ભાજપ ૧૭ બેઠકો પર સમેટાઈ ગયું.૯૩૦ ની સાથે જ ભાજપ સ્પર્ધામાં આવી ગયું અને બંને વચ્ચે બે બેઠકોનો તફાવત હતો. સવારે ૯૪૪ વાગ્યે એક સમય એવો આવ્યો જ્યારે બંને પક્ષો ૪૩-૪૩ સીટો પર પહોંચી ગયા. આ પછી બીજેપી ૫૧ સીટો પર પહોંચી ગઈ છે. સવારે ૧૧ વાગ્યા સુધીમાં ભાજપની સીટો ૪૭ થી ૫૧ વચ્ચે રહી છે.

# હરિયાણાએ ઈતિહાસ રચી દીધો, પરજીવી પાર્ટીને આપ્યો જડબાતોડ જવાબ', વડાપ્રધાન મોદીના કોંગ્રેસ પર પ્રહાર

હરિયાણામાં ભાજપે અનેક પડકારોનો સામનો કરી મોટી જીત હાંસલ કરી છે. હરિયાણાના ચૂંટણી પરિણામે સૌને ચોંકાવી દીધા છે. સતત ત્રીજી વખત જીત મળતાં ભાજપના કાર્યકરોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ટ્વિટ કરી હરિયાણાના કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત તેઓ રાત્રે ૮ વાગ્યે દિલ્હી સ્થિત ભાજપના મુખ્ય કાર્યાલય ભાજપના કાર્યકરોને સંબોધિત કરવા માટે પહોંચ્યા છે. અહીં વડાપ્રધાન મોદીનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું.

ભાજપના મુખ્યાલય ખાતે ભાજપના કાર્યકર્તાઓએ વડાપ્રધાન મોદીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. વડાપ્રધાને કાર્યકર્તાઓનું અભિવાદન ઝીલ્યું હતું અને તેમનો આભાર વ્યક્ત કર્યો. હરિયાણા તેમજ જમ્મુ કાશ્મીરની જનતા અને કાર્યકરોઓનો તેમણે આભાર વ્યક્ત કર્યો. આ દરમિયાન વડાપ્રધાન ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને સ્વાસ્થ્ય મંત્રી જે.પી.નડ્ડા, ગૃહ મંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ સહિતના દિગ્ગજ નેતાઓ પણ હાજર રહ્યા છે.

# આયુષ્માનમાં અલ્ઝાઈમર, જેવી બિમારીઓને આવરી લેવાશે

## ૪.૫ કરોડ પરિવારોમાં લગભગ ૬ કરોડ વ્યક્તિઓને લાભ થશે




નવી દિલ્હી.તા.૮

અલ્ઝાઈમર, ડિમેન્શિયા, હૃદય રોગ અને અન્ય બિમારીઓની સારવાર, જે મોટે ભાગે વરિષ્ઠોને અસર કરે છે, ટૂંક સમયમાં આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

હાલમાં આ યોજના પાસે લગભગ ૨૫ સ્વાસ્થ્ય પેકેજો છે જે વૃદ્ધોની જરૂરિયાતોને પૂરી કરે છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, નેશનલ હેલ્થ ઓથોરિટી, જે એબીપીએમજેએવાય માટે અમલીકરણ એજન્સી છે, તે વધુ પેકેજો ઉમેરવાની દિશામાં કામ કરી રહી છે જે ફક્ત વૃદ્ધાવસ્થાની સંભાળ અથવા વૃદ્ધાવસ્થા સંબંધિત બિમારીઓ માટે જ હશે કારણ કે આવાં લાભાર્થીઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધવાની સંભાવના છે.સરકાર વરિષ્ઠ નાગરિકો, ૭૦ વર્ષ અને તેથી વધુ વયનાં તમામને આવકને ધ્યાનમાં લીધાં વિના આ યોજનામાં સમાવેશ કરવામાં આવશે.આરોગ્ય મંત્રાલયનાં એક સૂત્રએ જણાવ્યું હતું કે "તબીબી નિષ્ણાતોની આગેવાની હેઠળની એક સમિતિ એબી-પીએમજેએવાય હેઠળ આરોગ્ય પેકેજોની નિયમિત સમીક્ષા કરે છે. જો કે આ એક ખાસ કેસ છે, કારણ કે ફોકસ એક વિશાળ જૂથ પર છે જે યોજનામાં સામેલ કરવામાં આવ્યું છે. સમિતિ વરિષ્ઠોને અસર કરતી આરોગ્ય સમસ્યાઓને ઓળખવા માટે કામ કરશે. વરિષ્ઠ નાગરિકોને સમાવવા માટે એબી-પીએમજેએવાયના વિસ્તરણથી ૪.૫ કરોડ પરિવારોમાં લગભગ છ કરોડ વ્યક્તિઓને સંભવિતપણે લાભ થશે. સ્ટ્રોક, હાર્ટ ફેલ્યોર, કેન્સર, અલ્ઝાઈમર અને ડિમેન્શિયા એ વૃદ્ધોને અસર કરતી કેટલીક સામાન્ય સ્વાસ્થ્ય બિમારીઓ છે.

# જમ્મુ - કાશ્મીરનાં નવા મુખ્યમંત્રી તરીકે ઉમર અબ્દુલ્લા રહેશે



નવી દિલ્હી,તા.૮

જમ્મુ-કાશ્મીરમાં સત્તા મેળવવા જઈ રહેલા કોંગ્રેસ તથા નેશનલ કોન્ફરન્સનાં જોડાણનાં મુખ્યમંત્રી તરીકે ઉમર અબ્દુલ્લા રહેશે પક્ષના વડા શ્રી ફારૂક અબ્દુલ્લાએ આજે પરીણામો જાહેર થયા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, કાશ્મીરનાં લોકોએ કલમ ૩૭૦ ની નાબુદીને ફગાવી છે.ભાજપ વિરૂદ્ધ ચુકાદો આપ્યો છે.અમારી લડત ચાલુ રહેશે નવી સરકારનાં મુખ્યમંત્રી તરીકે પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા રહેશે. તેઓએ કહ્યું કે, અમારી સરકારની રચના માટે ટુંક સમયમાં કોંગ્રેસ મોવડી મંડળ સાથે વિચારણા કરીને નિર્ણય લેવાશે. તેઓએ કહ્યુ કે, જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજયનો દરજજો આપવા કાનુની લડાઈ ચાલુ છે અને રાજકીય લડાઈ પણ લડાશે.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# ભારતના વિકાસ લક્ષ્યો પાછળની વાસ્તવિકતા



જ્યારે નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (એનસીઆરબી) હિંસક ઘટનાના વધતા વલણની જાણકારી આપે ત્યારે તે કાયદો તોડવા બાબતના સમાચાર બને. જ્યારે તપાસ એજન્સી કોઈ યુવા યુગલને ફટકારે અથવા કોઈ વ્યક્તિ સાથે મારપીટ કરે ત્યારે આ સમાચાર માથા અને હાડકા તોડવા બાબતના થાય. જ્યારે અધિકારીઓ કથિત અતિક્રમણ તોડવા બુલડોઝરોનો ઉપયોગ કરે ત્યારે તે ઘર તોડવા બાબતના સમાચાર બને. જ્યારે માનનીય વડા પ્રધાન વિપક્ષને, ખાસ કરીને કોંગ્રેસને ટુકડે ટુકડે ગેંગ અથવા અર્બન નક્સલ તરીકે સંબોધે ત્યારે તેનાથી કંટાળો ઉપજે.

આશા અને હૃદય તોડતા સમાચારઃ સૌથી મહત્વના બ્રેકિંગ ન્યુઝ જે હું શેર કરવા માગુ છું તે તમારી આકાંક્ષાઓ અને તમારા મનોબળ તોડી શકે. એમ વી કામથ એક પ્રસિદ્ધ બેન્કર છે. તેમણે જ આઈસીઆઈસીઆઈને ભારતની સૌથી અગ્રણી બેન્ક બનાવી. તેઓ બ્રિક્સ બેન્ક ન્યુ ડેવલપમેન્ટ બેન્કના પ્રથમ અધ્યક્ષ હતા. હાલ તેઓ નેશનલ બેન્ક ફોર ફાયનાન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટના અધ્યક્ષ છે. તાજેતરમાં એક પુસ્તકની સમીક્ષા દરમ્યાન તેમણે ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારતનો દરજ્જો હાંસલ કરવા દેશે જે પથ અપનાવવો જોઈએ તેનું વિશ્લેષણ કર્યું હતું.

એક અગ્રણી અખબારમાં એક લેખમાં કામથે લેખક કૃષ્ણામુર્થી સુબ્રમણિયનની ભારતે ભૂતકાળના નિરાશાજનક બંધનોમાંથી મુક્ત થઈને યોગ્ય વિચારસરણી દ્વારા સમર્થિત હિંમતભર્યા લક્ષ્યાંકો સ્થાપવાની જરૂર હોવાના તેમના મૂળભૂત થીમને ખાતરીપૂર્વક રજૂ કરવા બદલ પ્રશંસા કરી હતી. કામથે લેખક સાથે સહમતિ દર્શાવી કે વાર્ષિક ૧૨.૫ ટકાના નજીવ વૃદ્ધિ દરે પ્રત્યેક છ વર્ષે જીડીપી બમણી થઈને ૨૦૨૩માં ૩.૨૮ ટ્રિલિયન અમેરિકી ડોલરમાંથી ૨૦૭માં ૫૫ ટ્રિલિયન અમેરિકી ડોલર બની શકે છે. આ બાબત સંભવિત છે. હું તેની સાથે સંપૂર્ણપણે સહમત થાઉ છું અને આવા સાતત્યપૂર્ણ વિકાસનું લક્ષ્ય રાખવા અગાઉ દલીલ પણ કરી હતી.

લેખના અંતે ડંખઃ કામથની સમીક્ષાના છેલ્લા છ ફકરામાં ડંખ છે. તેઓ ૧૦૦ વર્ષના ભારતને આકાર આપનારા ચાર સ્તંભોની યાદી બનાવીને શરૂઆત કરે છે. આ ચાર સ્તંભો છે વિકાસ પ્રત્યે મેક્રો-ઈકોનોમિક અભિગમ, સામાજિક અને આર્થિક સમાવિષ્ટતા, ખાનગી ક્ષેત્ર દ્વારા નૈતિક સંપત્તિ સર્જન અને ખાનગી રોકાણ દ્વારા પ્રજ્વલિત સદ્ગુણ ચક્ર. તો આપણે વર્તમાન સરકાર હેઠળ આ સ્તંભોનું વિશ્લેષણ કરીએઃ

વૃદ્ધિ પ્રત્યે મેક્રો-ઈકોનોમિક અભિગમઃ મેક્રો-ઈકોનોમિક પર અતૂટ ફોકસના સંકેતો છે નાણાંકીય ખાધ, ફુગાવા અને વ્યાજ દરનો ડાટા, ચાલુ ખાતાની ખાધ અને દેવા-જીડીપી પ્રમાણ. સરકારે હાલ જીડીપીના ૫.૬ ટકાએ ચાલી રહેલી ચાલુ ખાતાની ખાધને ૩ ટકાએ લાવવા ઘણી મહેનત કરવી પડશે. ફુગાવો હજી પણ ચાર ટકાની ઉપર છે અને આરબીઆઈ રેપો રેટ મે ૨૦૨૨થી ૬.૫ ટકાએ છે. ચાલુ ખાતાની ખાધ હજી પણ ૨૦૨૩-૨૪ના અંતે ૨૩.૨ અબજ અમેરિકી ડોલર જેટલી વિશાળ હતી પણ વિદેશી હુંડિયામણે આપણી લાજ રાખી લીધી. દેવા-જીડીપી પ્રમાણ હજી પણ સંભાળી શકાય તેવું છે. આમ રેકોર્ડ મિશ્ર છે.

સામાજિક અને આર્થિક સમાવિષ્ટતાઃ મોદી સરકારની સૌથી મોટી નિષ્ફળતા છે અસમાનતા ઘટાડવાના નિષ્ફળ પ્રયાસ. મૂડીવાદી મિત્રો, વધુ મૂડીની જરૂર હોય તેવા ઉદ્યોગોમાં જાહેર રોકાણ, કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો, જાહેર જનતાના ઉપયોગમાં લેવાતી વસ્તુઓ પર વેરા, ઈંધણના વધતા ભાવ, અપૂરતા લઘુત્તમ વેતન, ભાડૂતી ખેડૂતોની ઉપેક્ષા, ગરીબો દ્વારા ઉપયોગમાં લેવાતી સેવાઓ પ્રત્યે પૂર્વગ્રહ (દા.ત. રેલવેમાં વંદે ભારત ટ્રેનો વિ. બીજા વર્ગ અને બિનઆરક્ષિત કોચ) તેમજ અન્ય નીતિઓએ ટોચની એક ટકા વસતી તેમજ તળિયાની ૨૦ ટકા વસતી વચ્ચેની આર્થિક અસમાનતામાં વધારો કર્યો છે. કામથે વર્ણવેલો બીજો સ્તંભ અસ્થિર અને અશક્ત છે.

# મેઘરાજાની વિદાય થતાં જ અમદાવાદ સહિત ૮ શહેરમાં ૩૬ ડિગ્રીથી વધુ તાપમાન

નવી દિલ્હી,તા.૮

ચોમાસાની વિદાય સાથે જ ગુજરાતભરમાં ગરમીનો પારો પણ વધવા લાગ્યો છે. સોમવારે (૭ ઑક્ટોબર) અમદાવાદ સહિત ગુજરાતના ૮ શહેરમાં ૩૬ ડિગ્રીથી વધુ સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદમાં સોમવારે ૩૭.૪ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૭ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. છેલ્લા ચાર દિવસમાં જ અમદાવાદના સરેરાશ મહત્તમ તાપમાનમાં ૩ ડિગ્રી જેટલો વધારો થયો છે. આગામી ૩ દિવસ અમદાવાદનું તાપમાન ૩૭ ડિગ્રીની આસપાસ જ રહેવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. બીજી બાજુ હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થાના અનુમાન અનુસાર આગામી ૨૦ ઑક્ટોબર સુધી અમદાવાદનું



તાપમાન ૩૫ થી ૩૭ ડિગ્રી વચ્ચે રહેશે.

સોમવારે ગાંધીનગરમાં ૩૪.૪, જામનગરમાં ૩૫, અમરેલીમાં ૩૫.૫, ભાવનગરમાં ૩૫.૭, વડોદરામાં ૩૫.૮, છોટા ઉદેપુરમાં ૩૬.૩, રાજકોટમાં ૩૬.૮, ડાંગમાં ૩૭.૫, ભુજમાં ૩૭.૬, સુરતમાં ૩૭.૨, ડીસામાં ૩૭.૮, નલિયામાં ૩૮.૨ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

# મહારાષ્ટ્રનાં તાડોબા રિઝર્વમાં જંગલ ઉપર વિશ્વનો પ્રથમ રોપ-વે બનશે

નાગપુર પ્રવાસીઓ ટૂંક સમયમાં રોપવે પરથી તાડોબા અંધેરી ટાઈગર રિઝર્વના ગાઢ જંગલોમાં જતા વાઘને જોઈ શકશે. ફ્રેન્ચ રોપવે કંપની પોમા એસએએસએ જંગલમાં ચાલતી વિશ્વની પ્રથમ રોપવે સેવા શરૂ કરવાની યોજના કરી છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય કુદરતી રહેઠાણને ખલેલ પહોંચાડ્યા વિના વન્યજીવ પર્યટનને વધારવાનો છે.

બુટીબોરીમાં પેર્નોડ રિકાર્ડની ડિસ્ટિલરીના શિલાન્યાસ સમારોહ દરમિયાન દેવેન્દ્ર ફડણવીસને કંપનીના જાહેર બાબતોના ડિરેક્ટર અને એશિયામાં વેચાણના વડા, બેન્જામિન ફૌચિયર ડેલાવિગ્ને દ્વારા ઉદ્દેશ્યનો પત્ર સોંપવામાં આવ્યો હતો.પોમા એસએએસ જે પહેલાથી જ મસૂરી, કાશ્મીર, પટની ટોપ અને દેહરાદૂનમાં રોપવે સિસ્ટમનું સંચાલન કરે છે, તે તાડોબા પ્રોજેક્ટને એક અત્યાધુનિક રોપવે તરીકે કલ્પના કરે છે જેમાં જંગલમાં દરેક ખૂણે આ રોપવે પસાર થશે જે મુલાકાતીઓને, એક સરળ અને પર્યાવરણને અનુકૂળ અનુભવ પ્રદાન કરશે.

ડેલાવિગ્ને જણાવ્યું હતું કે, ‘‘જંગલની શાંતિને ખલેલ પહોંચાડ્યા વિના અને પ્રદુષણ ન ફેલાવે તે રીતે રોપવેને ડિઝાઇન કરવામાં આવશે. ફડણવીસે જણાવ્યું હતું કે સરકાર પોમાના ઉદ્દેશ્યના પત્રનો અભ્યાસ કરશે અને સમજૂતીના મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કરતાં પહેલાં તેની ટકાઉતા માટેની દરખાસ્તનો અભ્યાસ કરવા માટે વન અને પ્રવાસન વિભાગોને સામેલ કરશે.

ફડણવીસે કહ્યું કે ‘‘અમે અન્વેષણ કરીશું કે પ્રોજેક્ટને ટકાઉ કેવી રીતે બનાવવો અને તે તમામ નિયમોમાં કેવી રીતે બંધબેસે છે. અમે પ્રક્રિયાને ઝડપી બનાવવાની યોજના બનાવી રહ્યા છીએ.

# એર ચીફ માર્શલે કહ્યું, આપણે એક મજબૂત અને સક્ષમ વાયુસેનાની જરૂર

તાંબરમ ભારતમાં આજે વાયુસેના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે, જેથી દેશ માટે બલિદાન આપનાર દળો અને તેમનાં પાઇલટ્સને સન્માનિત કરી શકાય. આ અવસર પર વાયુસેના દ્વારા વિવિધ સ્થળોએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને ઉજવણી કરવામાં આવી રહી છે. એરફોર્સ ચીફ એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ તાંબરમમાં એરફોર્સ સ્ટેશન પહોંચ્યાં હતાં . અહીં તેમણે કહ્યું કે આપણે કોઈપણ આકસ્મિક સંકટનો સામનો કરવા માટે તૈયાર રહેવાની અને એક મજબૂત અને સક્ષમ વાયુસેનાની જરૂર છે.એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે ભારતીય વાયુસેનાને વર્તમાન અને આવનારી જરૂરિયાતોને પહોંચી વળવા માટે તૈયાર રહેવાનું કહ્યું છે કારણ કે વૈશ્વિક સુરક્ષા વાતાવરણ સતત પરિવર્તનની સ્થિતિમાં છે.

## મુખ્યમંત્રીનો દિલ્હી પ્રવાસનો એજન્ડા પીએમ વિઝીટ હોવાની ચર્ચા

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૮ના સૌરાષ્ટ્રમાં!!

### તંત્રને કહેણ કોઈ મોટા આયોજનની તૈયારી



રાજકોટ.તા.૮

ગુજરાતમાં ભાજપ અને ભૂપેન્દ્રભાઈ પટેલ સરકાર દ્વારા એક બાદ એક લેવાઈ રહેલા નિર્ણયથી સતત આશ્ચર્ય સર્જાઈ રહ્યું છે. તો બીજી તરફ સદસ્યતા અભિયાનમાં મોટા ગાબડા હોવાના અહેવાલથી ભાજપ મોવડી મંડળને પણ ચિંતામાં મુકયા છે અને પક્ષનાં ચૂંટાયેલા પ્રતિનિધિમાંથી સંગઠનના હોદેદારોનો લોકસંપર્ક હવે ઘટી રહ્યો છે તેવા તારણ અને જે રીતે સિનિયર નેતાઓ વચ્ચેની વાતચીત વાયરલ થઈ તેમાં પક્ષ બેસતો જાય છે તેથી મોવડી મંડળની ચિંતા પણ હોવાનુ દર્શાવાયુ છે.

તે વચ્ચે આજે બદલતા કમલમમાં પક્ષના ધારાસભ્યો અને સંગઠનનાં હોદેદારો ઉપરાંત એક વખત સાઈડ લાઈન કરી દેવાયેલા પક્ષના પીઢ નેતાઓને પણ આમંત્રણ અપાયુ છે. તે પછી હવે સદસ્યતાના બાકી રહેલા દિવસમાં તમામ તાકાતથી કામે લાગી જવા માટે કહેવાય તેવા સંકેત છે.

પક્ષના પ્રમુખ સી.આર.પાટીલે આ બેઠક બોલાવી છે અને તે સમયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પક્ષના નેતાઓને મળશે. શ્રી પટેલ સાથે મુખ્ય સચીવ રાજકુમાર પણ ગયા છે. તો તે માટે ચર્ચા છે કે તા.૨૮ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રનાં પ્રવાસે આવી રહ્યા છે અને તેમનાં કાર્યક્રમથી ચર્ચા માટે મુખ્યમંત્રી તથા મુખ્ય સચીવ દિલ્હી ગયા છે. વડાપ્રધાન મોદીના ગુજરાત અને દિલ્હીના શાસનનાં ૨૩ વર્ષ પુરા થયા છે તેથી રાજય સરકારે ઉજવણી ચાલૂ કરી છે અને દરેક જીલ્લાનાં વિકાસ સપ્તાહ મનાવવામાં આવી રહ્યું છે.

શ્રી મોદીનો સૌરાષ્ટ્રનો પ્રવાસ આ સંદર્ભમાં જ હશે તેમ માનવામાં આવે છે આ આયોજન અંગે પણ ચર્ચા છે. તા.૩૧ ના રોજ સરદાર પટેલની જન્મ જયંતિ છે અને તે એકતા દિન તરીકે મનાવવામાં આવી રહ્યો છે.તેમાં પણ વડાપ્રધાન સામેલ થશે કે કેમ તે ચર્ચા છે.

## કોંગ્રેસની પત્રકાર પરિષદમાં ના જનરલ સેક્રેટરીના કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો

# વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શાહ ગુજરાતના છતાં દુષ્કર્મની ઘટનાઓમાં ચિંતાજનક વધારોઃ કોંગ્રેસ



રાજકોટ, તા.૮

દેશભરમાં કોંગ્રેસના સંગઠનને મજબૂત બનાવવા અને લોક પ્રશ્નોથી વાકેફ થવા માટે કોંગ્રેસ દ્વારા ખાસ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટની ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (એઆઇસીસી)ના જનરલ સેક્રેટરી મુકુલ વાસનીક ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ તથા વિધાનસભા વિરોધપક્ષના નેતા અમીત ચાવડાએ રાજકોટ ઉપરાંત મોરબી અને જુનાગઢ કોંગ્રેસના હોદેદારો અને આગેવાનો સાથે બેઠકો યોજી ચર્ચા-વિચારણા કરી હતી.

આ દરમિયાન આજે સવારના ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા હોટલ મીન્ટ ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના જનરલ સેક્રેટરી મુકુલ વાસનીકએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે ગુજરાતએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રાજય છે પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે વચનો આપ્યા છે તે પાળી બતાવેલ નથી. નરેન્દ્ર મોદી જુઠુ બોલવામાં વિશ્વમાં નંબર-વન છે તેને પારિતોષીક દેવો જોઇએ. દેશમાં બેરોજગારી-મોંઘવારી, મહિલા સુરક્ષા,ખેડૂત આત્મહત્યાઓ સહિતની ઘટનાઓમાં સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ નીવડી છે.

સરકારી આંકડો પર નજર કરીએ તો દેશમાં દરરોજ ૮૩ મહિલાઓ પર બળાત્કાર થાય છે પરંતુ ૨૬ ટકા કેસમાં જ સજા થાય છે. કલકત્તામાં રાષ્ટ્રપતિ જે બનાવને વખોડી કાઢયા હોય તો ગુજરાતમાં સુરેન્દ્રનગર, દાહોદ અને અન્ય જિલ્લાઓમાં મહિલાઓ પર બળાત્કાર, છેડતી અને ઉત્પીડનની ઘટનાઓમાં કેમ એક શબ્દ બોલાતા નથી?

ગુજરાતએ નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું રાજય છે ત્યારે ગુજરાતમાં દુષ્કર્મની ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ સુધીમાં ૧,૧૭૦૦૦ ખેડૂતો, યુવાનોએ બેરોજગારી અને સ્વાસ્થ્ય સેવાઓ કથલી હોવાના કારણે આત્મહત્યા કરી છે.

ઈઝરાયેલમાં હાલ યુધ્ધ ચાલુ હોવા છતાં દેશના બેરોજગાર યુવાનોને રોજગારી માટે ત્યાં જવું પડે છે. ભારતનું સંવિધાન શાસકો બદલવા માંગે છે પરંતુ ભાજપને ૪૦૦બેઠકનું સુરસુરીયું થતાં હવે ટેકાવાળી સરકાર બનાવવાની ફરજ પડી છે. સંસદીય લોકશાહીની વ્યવસ્થા ખોરંભે પડી છે અને સરકાર ઉદ્યોગપતિઓની સરકાર છે. આગામી દિવસોમાં રાહુલ ગાંધીનું ગુજરાત કબ્જે કરવાનું સ્વપન સાકાર થાયતે માટે પ્રયાસો કરવામાં આવશે.

આ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલતથા ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા અમિત ચાવડાએ પણ સંબોધન કરી કેન્દ્ર સરકાર પરઆકરા પ્રહારો કર્યા હતા. આ પત્રકાર પરિષદમાં રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણી તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવકતા મીડિયા સેલ ઇન્ચાર્જ મનીષભાઇ દોશી, ગુજરાતના કાર્યકારી અધ્યક્ષ બીપેન્દ્રસિંહજાડેજા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કિશાન સેલના પ્રમુખ પાલાભાઇ આંબલીયા, નિદત બારોટ, ઇન્દ્રનીલ રાજયગુરુ, નરેન્દ્રભાઇ સોલંકી, રોહિતસિંહ રાજપૂત, ધરમભાઇ કાંબલીયા, મેઘજીભાઇ રાઠોડ, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગરબીની લાણી માટે આઈટમોનો ખજાનો

## (રૂ.૫૦ થી લઈને રૂ.૧૫૦૦સુધીની વસ્તુઓ હોલસેલ ભાવ પર મળશે




**વસંતભાઈ બગડાઈ**
મો. ૮૨૦૦૩૦ ૭૪૫૫, ૯૮૨૪૮૧ ૪૮૨૯



# શ્રી કૃષ્ણ ટોયઝ માર્ટ

**લોહાણાપરા મેઈન રોડ,
હનુમાન મંદિર પાસે**

# ગુજરાતમાં એક સાથે આધારકાર્ડના 56 ઓપરેટરો સસ્પેન્ડ

## નવા આધારકાર્ડ, સુધારણા માટે આવતી અરજીઓ રીજેક્ટ પ્રમાણ વધ્યું; સુરત, અમદાવાદમાં સૌથી વધુ ઓપરેટર સસ્પેન્ડ



રાજકોટ.તા.૮

સરકારે આધારકાર્ડની આવશ્યકતા મોટાભાગની દરેક કાર્યવાહી અને પ્રક્રિયામાં વધારી દીધી છે, પરંતુ તેની સામે સરકારમાં સેન્ટ્રલી કોઈ જાતનું નિયંત્રણ નહીં હોવાથી આધારકાર્ડની કામગીરી પણ નિરાધાર બની ગઈ છે. છેલ્લા ઘણા સમયથી ટેકનિકલ કારણોસર મોટાભાગના નવા એનરોલમેન્ટની અરજી રીજેક્ટ થઇ રહી છે અને તેના કારણે ગુજરાતમાં ગત ઓગસ્ટ મહિના દરમિયાન ૫૬ જેટલા ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે ૨૭૧ ઓપરેટરોને રીટ્રેનિંગ આપવામાં આવી છે. જેના કારણે આધારકાર્ડની કામગીરી મંદગતિએ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, ઓપરેટરો ૧૦,૦૦૦ ના પગાર ઉપર કોન્ટ્રાક્ટ પર કામ કરી રહ્યા છે, જેને કોઈ નોટિસ કે વોર્નિંગ આપવા બદલે સીધા જ સસ્પેન્ડ કરી દેવામાં આવતા રોષ જોવા મળી રહ્યો છે. તેઓનો આક્ષેપ છે કે, આધારકાર્ડના મુખ્ય સર્વરમાં ટેકિન્કલ પ્રોબ્લેમ હોવાથી એરર આવી રહી છે. જેનો ભોગ ઓપરેટરો બની ગયા છે અને સીધા સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

છેલ્લા ઘણા સમયથી આધારકાર્ડ કઢાવવા માટે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આધારકાર્ડની અરજીમાં અરજદારોને મળતી એરરના પગલે રીઝનલ ઓફિસ મુંબઈ દ્વારા આધારકાર્ડ ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના ૫૬ ઓપરેટરોને એક સાથે એક વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૨૭૧ ઓપરેટરોને રીટ્રેનિંગ આપવા નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતમાં જે ૫૬ ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા તેમાં સૌથી સુરતમાંથી ૧૦, અમદાવાદમાંથી ૫, રાજકોટમાંથી ૪ અને વડોદરામાંથી ૩ ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે અમદાવાદના ૫૪, રાજકોટના ૨૫, સુરતના ૨૯ સહીત કુલ ૨૭૧ ઓપરેટરોને રીટ્રેનિંગ ઓર્ડર આપવામાં આવ્યો છે એટલે કે તેમને નવી કીટ રીસેટ સાથે આપવામાં આવી છે.

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં આધારકાર્ડ ઓપરેટર તરીકે કામ કરતા તુષારભાઈ પરમારએ દિવ્ય ભાસ્કર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, હું ડિસેમ્બર ૨૦૨૩થી ઓપરેટર તરીકે જોડાયો હતો અને મારી સેલેરી ૧૦,૦૦૦ રૂપિયા હતી. ગત ઓગસ્ટ મહિનામાં અચાનક જ સસ્પેનશન લિસ્ટ જાહેર થયું તેમાં મારા નામનો ઉલ્લેખ હતો. મારી ભૂલ હોય તો હું સ્વીકારવા તૈયાર છું પણ અમને કોઈ વોર્નિંગ કે નોટિસ આપવાના બદલે સીધા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મારા કરતા વધુ એરર આવેલી હોય તેવા ઓપરેટરોને રીટ્રેનિંગ માટે ઓર્ડર કરાયો છે અને મને સીધો સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આ કામગીરીમાં અમારી ભૂલ નથી. આધારકાર્ડ સર્વરની ભૂલ છે અને આ ભૂલ અમારે ભોગવવાની આવી છે. મેં નાયબ મામલતદાર મારફત રજૂઆત કરી છે કે અમને ફરી નોકરી પર લેવામાં આવે રીટર્નિંગ કરવામાં આવે કારણ કે સીધી રીતે અમારી મોટી કોઈ ભૂલ નથી થઇ તેવું લાગે છે. માત્ર ૧૦,૦૦૦ રૂપિયા સેલેરી છે અને આવી રીતે સીધા સસ્પેન્ડ કરવામાં આવે તો અમને આર્થિક પણ નુકશાન થાય છે. હું પડધરી મામલતદાર ઓફિસ પર કામ કરતો હતો. જ્યાં મારી કચેરી હેઠળ ૫૬ જેટલા ગામનો સમાવેશ થતો હતો. જ્યાંથી દરોજના ૪૦થી ૫૦ લોકો આધારકાર્ડ માટેની કામગીરી કરાવવા આવતા હતા.

ગુજરાતમાં એક સાથે આધારકાર્ડ ઓપરેટરો સામે થયેલી કાર્યવાહીને લઈ અધિક કલેક્ટર (યુઆઈડી)ને રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવ્યું હતું કે, આધારકાર્ડને લગત નવી આધાર નોંધણી તથા આધાર સુધારણાની અરજીઓનું રિજેક્શનનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. આધાર નોંધણી ઓપરેટર દ્વારા પુરતી કાળજી રાખીને સચોટ ડોક્યુમેન્ટ્સ લેવામાં આવતાં હોવા છતાં આધાર નોંધણી તેમજ આધાર સુધારણાની અરજીઓ મોટા પ્રમાણમાં રિજેક્ટ થાય છે અને રિજેક્શનમાં એક જ પ્રકારની એરર આવે. ‘‘ / .’’ જેથી અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને સ્થાનિક કક્ષાએ અરજદારો સાથે સંઘર્ષ થાય છે. જે અંગે નિવારણ લાવવા માટે તાલુકા કક્ષાએથી વારંવાર રજૂઆતો મળી છે. મોટા પ્રમાણમાં અરજીઓ રિજેક્ટ થવાના કારણે આધાર ઓપરેટરોને પેનલ્ટી વધુ પ્રમાણમાં આવે છે અને આધાર ઓપરેટરોના આઇ.ડી. પણ સસ્પેન્ડ થાય છે જેથી આ બાબતે યોગ્ય નિવારણ થઇ આવવા વિનંતી છે.

આધારકાર્ડ સંદર્ભની કોઈ સમસ્યા કે માહિતી માટે ૧૯૪૭ હેલ્પલાઈન નંબર આપવામાં આવ્યો છે. જોકે, અરજદારો દ્વારા કોઈ પણ બાબતે હેલ્પલાઇનનો સંપર્ક સાધવામાં આવે તો તેમાં પણ મોટા ભાગના અરજદારોની સમસ્યાનો કોઈ ઉકેલ આવતો ન હોવાનું માનવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ક્વોલિટી ચેક, ડુપ્લીકેટ અને ડીલે ઇન પ્રોસેસિંગના કારણસર રિક્વેસ્ટ રીજેક્ટ થતી હોવાનું કહેવામાં આવી રહ્યું છે. તેમાં પણ જો કોઈ બાળકનું પ્રથમવાર આધારકાર્ડ કાઢવાની અરજી મળે તો તેમાં પણ ડુપ્લીકેટનું કારણ દર્શાવી અરજી રદ કરવામાં આવતી હોવાની ફરિયાદો સામે આવી છે જે પ્રથમ દ્રષ્ટિએ સર્વરની જ ખામી હોય શકે. ઉલ્લેખનીય છે કે, આધારકાર્ડમાં નામ, સરનામુ, ફોટા કે બાયોમેટ્રિક માટે અપડેશન કરાવવા અરજદારે ૫૦થી ૧૦૦ રૂપિયાનો ચાર્જ ચૂકવવાનો હોય છે. પરંતુ અનેક કિસ્સાઓમાં અપડેશનનો ચાર્જ ચૂકવ્યા બાદ અપડેશન થતું નથી. જેથી અરજદાર જેટલી વાર અપડેશન માટેની અરજી કરે તેટલી વાર ચાર્જ ચૂકવવા મજબુર બને છે, ત્યારે આ સમસ્યાઓનો ઉકેલ વહેલી તકે આવે તેવી માગ લોકોમાં ઉઠી રહી છે.

# ગોપી રાસોત્સવમાં બહેનોનો ઉત્સાહ ચરમસિમાએ

## સિંગરોના સૂર, ઢોલકના તાલ અને બહેનોના સ્ટેપ્સનો સંગમઃ ડી.એચ.કોલેજના ગ્રાઉન્ડમાં શક્તિ અને ભક્તિનું પર્વ



રાજકોટ,તા.૯

યાજ્ઞિક રોડ ઉપર આવેલી ડી.એચ.કોલેજનાં ગ્રાઉન્ડમાં ચાલી રહેલા ગોપી રાસોત્સવમાં પાંચમાં નોરતે બહેનોનો ઉત્સાહ ચરમસિમાએ પહોંચી ગયો હતો અને બહેનો ભક્તિભાવ પૂર્વક માતાજીની આરાધનામાં લીન થતી જોવા મળે છે. ગોપી રાસોત્સવમાં સિંગરોના સૂર, ઢોલકના તાલ અને બહેનોના સ્ટેપ્સનો સંગમને નિહાળવા માટે મોટી સંખ્યામાં મહાનુભાવો ઉમટી રહ્યા છે.

પાંચમાં નોરતે જે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા તેમાં મૌલેશભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, નીતીનભાઈ પટેલ, રમણભાઈ વરમોરા, પ્રતાપભાઈ પટેલ, જયભાઈ ઉકાણી, જગદીશભાઈ કોટડીયા, કીરીટભાઈ પટેલ, ઘનશ્યામભાઈ હેરભા, નરેન્દ્રભાઈ ઝાલા, જયમીનભાઈ ઠાકર, શેલેષભાઈ ડાંગર, અનંતભાઈ ઉનડકટ, દેવેન્દ્રભાઈ બરછા, વિનોદભાઈ બરચ્છા, રામભાઈ બરછા, મનોજભાઈ ઉનડકટ, ગુણવંતભાઈ શાહ, પરેશભાઈ પોપટ, બંકીમભાઈ મહેતા, કિશોરભાઈ પાંભર, રાજાભાઈ પરસાણા, મધુભાઈ પટોળીયા, મુકેશભાઈ ગાજીપરા, દિપકભાઈ રાયઠઠ્ઠા (લીસ્બન), પ્રેમકુમાર અગ્રવાલ, કે.કે. જૈન, બકીરભાઈ ગાંધી, ડી.કે. સખીયા, કાળુભાઈ કાનગડ, જયેશભાઈ કથીરીયા, યોગીત ભાઈ ફ્નીયારા, ડો. સુધીરભાઈ ભીમાણી, જ્યોતીબેન ટીલવા, કિરણબેન માંકડીયા, નો સમાવેશ થાય છે. આ મહેમાનોના હસ્તે બહેનોને ઈનામ આપવામાં આવ્યા હતા.

સાતમું નોરતું તા. ૦૯/૧૦/૨૪ નાં ગોપિરાસ માં મુખ્ય મહેમાન તરીકે મહાનુભાવો હાજરી આપશે. જયેશભાઈ રાદડીયા, રમેશભાઈ રૂપાપરા, ડી. વી. મહેતા, પી.ટી. જાડેજા, રાજનભાઈ વડાલીયા, નિકુંજભાઈ શાહ, હસુભાઈ ભગદેવ, અરવિંદભાઈ તાળા, લલિતભાઈ રામજીયાણી, ભુપેન્દ્રભાઈ સચદે, ઘનશ્યામભાઈ મારડિયા, શામજીભાઈ ખુંટ, મનસુખભાઈ પાણ, શૈલેષભાઈ માઉં, જગદીશભાઈ ભીમાણી, દિનેશભાઈ વાંકાણી, વિનુભાઈ પારેખ, અશોકભાઈ સોની, દિલીપભાઈ શેઠ, નરેશભાઈ શાહ, જગદીશભાઈ સખીયા, અરવિંદભાઈ ઢોલરીયા, કૃષ્ણકાન્તભાઈ ધોળકિયા, સુભાષભાઈ સામાણી, રુષભભાઈ અગ્રવાલ, રશ્મિભાઈ મોદી, કમલભાઈ ત્રિવેદી, મહેન્દ્રભાઈ રાઠોડ, શૈલેશભાઈ શેઠ, ધીરુભાઈ રામાણી, નરેન્દ્રભાઈ દવે, શ્રી કરશનભાઈ પટેલ, રમેશભાઈ ઠક્કર, મિલનભાઈ કોઠારી, અરવિંદભાઈ પાટડીયા, પીન્ટુભાઈ પટેલ, સુનીલભાઈ મહેતા, પ્રેશભાઈ ધીંગાણી, સુરેશભાઈ હીરપરા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ગુણવંતભાઈ ડેલાવાળા, મૌલેશભાઈ પટેલ, જયપાલસિંહ ઝાલા, જ્યોતિલભાઈ પટેલ, મનસુખભાઈ વડુકુલ, પ્રફુલભાઈ સંધાણી, ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, મિતાબેન વ્યાસ, ડો. મધુરીકાબેન જાડેજા, મીનાબેન ડોડિયા, કૈલાશબા વાળા, તથા લેડીઝ કલબ અને જેન્ટ્સ કલબના બને કમીટી મેમ્બરો જહેમત ઉઠાવે છે.

# રાજકોટ ડિવિઝન પર મુસાફરોને QR કોડ દ્વારા ચૂકવણી કરવાની મળી રહી છે સુવિધા

■ QR કોડનો ઉપયોગ કરીને ૧.૧૬ લાખ મુસાફરોએ બુક કરી રૂ. ૧.૩૩ કરોડથી વધુની ટિકિટો



રાજકોટ,તા.૯

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ડિજિટલ પેમેન્ટ પદ્ધતિઓનો ઉપયોગ કરીને કેશલેસ વ્યવહારોને પ્રોત્સાહન આપવા અને તેના મુસાફરોને સરળ અને વધુ કાર્યક્ષમ સેવા સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ દિશામાં આગળ વધીને, ૬ જૂન, ૨૦૨૪થી રાજકોટ ડિવિઝનની રિઝર્વેશન ઓફિસ અને બુકિંગ ઓફિસના તમામ કાઉન્ટરો પર QR કોડ ડિવાઇસ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. રેલવે મુસાફરોને ટિકિટનું ભાડું ચૂકવવા માટે QR કોડ ડિજિટલ માધ્યમની સુવિધા આપવામાં આવી રહી છે. આ નવી પહેલ હેઠળ, રેલ ટિકિટ માટે QR કોડ દ્વારા ચુકવણી સ્વીકારવાની સુવિધા રાજકોટ ડિવિઝનના રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, દ્વારકા સહિતના તમામ નાના-મોટા સ્ટેશનોના તમામ આરક્ષિત અને અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટર પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. QR કોડ આધારિત સ્કેનર લગાવવાથી મુસાફરોને ઘણી સુવિધા મળી છે. આ સાથે એક તરફ મુસાફરોને છૂટક નાણાની સમસ્યામાંથી રાહત મળી છે તો બીજી તરફ રોકડ લઈ જવાની સમસ્યા પણ દૂર થઈ ગઈ છે. રાજકોટ ડિવિઝનના મુસાફરો દ્વારા QR કોડ દ્વારા ચૂકવણીને ખૂબ જ હકારાત્મક રીતે લેવામાં આવી છે અને છેલ્લા ચાર મહિનામાં જ સારી સંખ્યામાં લોકો ભાડું ચૂકવવા માટે QR કોડનો ઉપયોગ કરી રહ્યા છે. ૦૬ જૂન, ૨૦૨૪ ના રોજ આ સુવિધા શરૂ થઈ ત્યારથી, રેલવેને ક્યુઆર કોડ દ્વારા જૂનમાં ૨૬.૪૨ લાખ રૂપિયા, જુલાઈમાં ૨૬.૪૦ લાખ રૂપિયા, ઓગસ્ટમાં ૩૭.૭૭ લાખ રૂપિયા અને સપ્ટેમ્બરમાં ૪૨.૮૩ લાખ રૂપિયાની આવક થઈ છે. છેલ્લા ચાર મહિનામાં, ૧.૧૬ લાખ મુસાફરોએ QR કોડ દ્વારા ટિકિટ ભાડા ચૂકવ્યા, જેનાથી રાજકોટ ડિવિઝનને આશરે રૂ. ૧.૩૩ કરોડની આવક થઈ. આ પ્રયાસ રેલ મુસાફરોને ડિજિટલ પેમેન્ટ માટે સરળ અને સુરક્ષિત વિકલ્પો પ્રદાન કરીને વધુ અનુકૂળ અને સીમલેસ મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટેનું પ્રોત્સાહન છે. રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમારે મુસાફરોને ટિકિટનું ભાડું ડિજિટલ રીતે ચૂકવવા માટે કોડનો ઉપયોગ કરવા વિનંતી કરી છે.

# ઓખા-ભગત કી કોઠી વચ્ચે દોડશે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન

રાજકોટ,તા.૯



મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વે ઓખા-ભગત કી કોઠી વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવશે. આ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર ૦૪૮૦૬/૦૪૮૦૫ ઓખા-ભગત કી કોઠી સ્પેશિયલ (સાપ્તાહિક) ૧૨ ટ્રિપ્સ ટ્રેન નંબર ૦૪૮૦૬ ઓખા-ભગત કી કોઠી સ્પેશિયલ ઓખાથી દર રવિવારે ૦૮.૨૦ કલાકે ઉપડશે, રાજકોટ તે જ દિવસે ૧૨.૫૦ કલાકે પહોંચશે અને ભગત કી કોઠી બીજા દિવસે ૦૩.૦૦ કલાકે પહોંચશે. આ ટ્રેન ૧૩ ઓક્ટોબર, ૨૦૨૪ થી ૧૭ નવેમ્બર, ૨૦૨૪ સુધી ચાલશે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૪૮૦૫ ભગત કી કોઠી-ઓખા સ્પેશિયલ ભગત કી કોઠીથી દર શનિવારે ૧૦.૩૦ કલાકે ઉપડશે, રાજકોટ તે જ દિવસે ૨૩.૦૦ કલાકે પહોંચશે અને ઓખા બીજા દિવસે ૦૪.૪૦ કલાકે પહોંચશે. આ ટ્રેન ૧૨ ઓક્ટોબર ૨૦૨૪ થી ૧૬ નવેમ્બર ૨૦૨૪ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોડરાન, જાલોર, મોકલસર, સમદડી, દુંદાડા અને લુણી સ્ટેશને ઉભી રહેશે. આ ટ્રેનમાં ૨ ટાયર, ૩ ટાયર, ૩-ટાયર (ઇકોનોમી), સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ ક્લાસ ના કોચ હશે. ટ્રેન નંબર ૦૪૮૦૬ નું બુકિંગ ૯ ઓક્ટોબર, ૨૦૨૪ થી તમામ કાઉન્ટર અને વેબસાઇટ પર ખુલશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને મુલાકાત લઈ શકે છે.

## મ્યુનિ. કમિશ્નર સહિતના અધિકારીઓ, કર્મચારીઓએ વિકાસ પ્રતિજ્ઞા શપથ લીધા



રાજકોટ,તા.૯

કેન્દ્ર સરકાર દ્વારા ચાલતા વિકાસ ભારત સપ્તાહ અંતર્ગત આજે સવારે ૧૧ કલાકે મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈના અધ્યક્ષ સ્થાને મનપાના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા સેન્ટ્રલ ઝોન કચેરીના મેદાનમાં ભારત વિકાસ પ્રતિજ્ઞા શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા.

આ અવસરે ડે.કમિશનર ચેતન નંદાણી, હર્ષદ પટેલ, સહાયક કમિશનર બી.એલ. કાથરોટીયા, ચીફ એકાઉન્ટન્ટ અમિત સવજીયાણી, આરોગ્ય અધિકારી જયેશ વકાણી, પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકી, ડાયરેક્ટર પાર્કસ એન્ડ ગાર્ડન હિરપરા, સિટી એન્જી. અતુલ રાવલ, બી.ડી. જીવાણી, પી.એ.ટુ કમિશનર ડો. એન.કે. રામાનુજ તેમજ સેન્ટ્રલ ઝોનના અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહ્યા હતા. સહાયક કમિશનરે શપથ પત્રનું પઠન કરી સૌને શપથ લેવડાવ્યા હતા.

# દુષ્કર્મની વધતી જતી ઘટનાઓના વિરોધમાં આપની રેલી: ગૃહમંત્રીના રાજીનામાની માંગણી

### ■ અધિક કલેકટરને આવેદનપત્ર અપાયું




રાજકોટ તા.૯

રાજયમાં દુષ્કર્મની વધતી જતી ઘટનાઓના વિરોધમાં આજે આપ મહિલા વીંગ દ્વારા શહેરના બહુમાળી ભવનથી કલેકટર કચેરી સુધી રેલી કાઢી પગલા લેવાની માંગણી સાથે અધિક કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરાયુ હતુ.

જેમા મહિલાઓ ઉપર વધતા જતા અત્યાચારોને રોકવા માટે પગલા લેવા બાબતે નિષ્ફળ નિવડેલા ગૃહમંત્રીને પદભ્રષ્ટ કરવાની માંગણી કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીમાં મહિલા વીંગના પ્રદેશ મહિલા પ્રમુખ રેશ્માબેન પટેલની આગેવાની હેઠળ યોજાયેલ આ રેલીમાં યુવા આગેવાન ઈન્દ્રવિજયસિંહ રાઓલ તેમજ રાજકોટ શહેર પ્રમુખ દિનેશભાઈ જોશી, જિલ્લા પ્રમુખ તેજસભાઈ ગાજીપરા, લોકસભા પ્રભારી દિલીપસિંહ વાઘેલા, શહેર પ્રભારી સહદેવસિંહ સરવૈયા, મહિલા પ્રમુખ રાજલબેન ગઢવી, યુવા પ્રમુખ પિયુષ ભંડેરી, લીગલ સેલ પ્રમુખ એડવોકેટ આર.કે.બાબરીયા સહિત નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ દ્વારા રાજકોટ જિલ્લામાં કલેકટરતંત્ર માધ્યમથી મુખ્યમંત્રીને આવેદનપત્ર સોંપાયુ. છેલ્લા પંદર દિવસમાં જ બળાત્કારની છ ઘટનાઓ સામે આવી છે. દાહોદ, સુરેન્દ્રનગર, મહેસાણા અને હવે ભાયલી (વડોદરા)માં ૧૬ વર્ષની એક માસુમ દીકરી પર ગેંગરેપની ઘટના સામે આવી છે. આવી ઘટનાઓને કારણે ગુજરાતની દીકરીઓ-મહિલાઓ ખૂબ જ ભય અને અસલામતીની લાગણી અનુભવી રહી છે ત્યારે ગૃહમંત્રીએ કાયદો અને વ્યવસ્થા સુધારવા ઉપર ધ્યાન આપવુ જોઈએ એને બદલે ગૃહમંત્રી ફાંકા-ફોજદારી, ફાલતુ નિવેદનો અને રીલ બનાવવામાં વ્યસ્ત છે.

# રાજકોટ શહેરપોલીસ દ્વારા ડીજીપી હોકી સ્પર્ધાનો પ્રારંભ

### ઓપનીંગ સેરેમનીમાં પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા ઉપસ્થિત રહ્યા,રાજ્ય પોલીસ દળની પુરૂષો-૯ અને મહિલા-૪ ટીમો ભાગ લેશે

રાજકોટ, તા.૯

પોલીસ દળમાં શિસ્ત અને શારિરીક ફીટનેસ તથા ટીમ સ્પીરીટની ભાવના ઉદભવે તે માટે રમત ગમત અગત્યની છે. રાજકોટ શહેર પોલીસ દ્વારા ડીજીપી કપ હોકી સ્પર્ધા-૨૦૨૪નું તા.૮ થી ૧૧ સુધી દિ-૪ માટે મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ રેસકોર્ષ ખાતે આયોજન કરવામાં આવેલ જેમાં ગુજરાત રાજ્ય પોલીસ દળની પુરુષોની ૯, મહિલાની ૪ ટીમોએ ભાગ લીધેલ.




આ હરિફાઈની ઓપનીંગ સેરેમનીમાં મુખ્ય મહેમાન પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પો.કમી. સજનસિંહ પરમાર, ના.પો.કમિ. ઝોન-૦૨, જગદીશ બાંગરવા, નાયબ પો.કમી. પાર્થરાજસિંહ ગોહિલ, ના.પો. કમિ. ટ્રાફિક પૂજા યાદવનાઓ તેમજતમામ એસીપીઓ ઉપસ્થિત રહેલ હતા.

રાજકોટ શહેર પોલીસ કમિ. બ્રજેશકુમાર ઝાએ પોતાના ઉદબોધનમાં હરિફાઈમાં ભાગ લેનાર વિવિધ શહેર તથા યુનિટોમાંથી આવેલ તમામ ટીમોનું અભિવાદન કરી ખેલાડીઓને ખુબ મહેનત કરી ખેલદીલીથી રમત રમવા અને સારુ પ્રદર્શન કરી ગુજરાત પોલીસનું નામ રોશન કરવા જણાવેલ. ગુજરાત પોલીસમાં શારિરીક ફીટનેસ અને શિસ્ત ટીમ ભાવના જળવાઈ રહે તેના માટે પરેડની સાથોસાથ વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

હોકી સ્પર્ધા-૨૦૨૪નું આયોજન શહેરને સોંપવામાં આવેલ જેના ભાગરુપે આ હરિફાઈમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી ટુર્નામેન્ટ ખુલ્લી મુકી હતી. આ હરિફાઈને સફળ બનાવવા રાજકોટ મનપા, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,હોકી રાજકોટ, સીનર્જી હોસ્પીટલ વગેરેનો સહયોગ મળેલ છે.

## મેડિકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વગર નશીલા સીરપના વેચાણ પર વોચ રાખવા કલેકટરનો આદેશ



વઢવાણ, તા.૯

સુરેન્દ્રનગર જિલ્લા કક્ષાની નાર્કો કોર્ડિનેટર સેન્ટરની બેઠકનું આયોજન કલેક્ટર કચેરીમાં કરાયું હતું. જેમાં જિલ્લામાં નશીલા પદાર્થો સેવન અને વેચાણ પણ કાર્યવાહીની સૂચના આપી હતી. જ્યારે મેડિકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વગર નશીલા સરપના વેચાણ પર વોચ રાખવા જણાવાયું હતું.

સુરેન્દ્રનગર જિલ્લામાં વધતા નશીલા પદાર્થોનું વેચાણ અટકાવવા અને નાબૂદ કરવા માટે જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડિનેટર સેન્ટરની બેઠક યોજાઈ હતી. સોમવારે કલેક્ટર કચેરી સભાખંડ ખાતે બેઠકમાં કલેક્ટર કે.સી.સંપટ, પોલીસ અધિક્ષક ડો.ગિરિશ પંડ્યા તેમજ નિવાસી અધિક કલેક્ટર આર.કે.ઓઝાની ઉપસ્થિતિમાં આયોજિત બેઠકમાં કલેક્ટરે નશીલા પદાર્થોના સેવન અને તેના વેચાણ પર સખ્ત હાથે કામગીરી કરવા સૂચના આપી હતી. તથા મેડિકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વગર નશીલા સીરપના વેચાણ પર વોચ રાખવા ડ્રગ્સ વિભાગને સૂચના આપી હતી.શાળા, કોલેજની આસપાસના ૧૦૦ મીટર વિસ્તારમાં તંબાકુ સંલગ્ન વેચાણ પર સઘન કામગીરી કરવા સંબંધિત વિભાગોને જરૂરી સૂચના આપી હતી. પોલીસ અધિક્ષક ડો.ગિરિશ પંડ્યાએ વિદ્યાર્થીઓ માટે નશાકારક પદાર્થ સામે જનજાગૃતિ કાર્યક્રમો વધારવા એસઓજી સાથે શિક્ષણ અને આરોગ્ય વિભાગને સૂચના આપી હતી.

# એકમાત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખરની વસ્તીમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૬ ટકાનો વધારો; વન મંત્રી મુળુભાઈ બેરા

## રાજ્યમાં સૌથી વધુ ૩૨૩૪ ઘુડખર ધ્રાંગધ્રામાં; ઘુડખર સાથે નીલગાય, ચિંકારા, કાળિયાર, શિયાળ, ભૂંડ, લોંકડી સહિતના વન્ય જીવોની ગણતરી પૂર્ણ

રાજકોટ તા.૯

ભારતમાં માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખર રાજ્યનું ગૌરવ છે, તેમ જણાવી વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, ભૂતકાળમાં ઘુડખર ઉત્તર - પશ્ચિમ ભારત, પાકિસ્તાનથી માંડીને મધ્ય-એશિયાના સુકા વિસ્તાર સુધી વિહરતા જોવા મળતા હતા. જોકે, આ ઘુડખર હાલ ભારતમાં એક માત્ર ગુજરાતના કચ્છના નાના-મોટા રણના વિસ્તારોમાં જ જોવા મળે છે.

ગુજરાત સરકારના અવિરત પ્રયાસ તેમજ વિવિધ જાગૃતતા અભિયાનોના પરિણામે ૭,૬૭૨ ઘુડખરની વસ્તીમાં નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો નોંધાયો છે. ગુજરાત સહિત ભારતભરમાં દર વર્ષે તા. ૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન વન્ય જીવ સંરક્ષણ સપ્તાહ ઉજવવામાં આવે છે ત્યારે, આ સમગ્ર રાજ્ય માટે પ્રાણી સંરક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ છે.

મંત્રી મુળુભાઈએ કહ્યું હતું કે, દર પાંચ વર્ષે ઘુડખરની વસ્તી ગણતરી કરવામાં આવે છે. આ વર્ષે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી કરવામાં આવી હતી, જેમાં રાજ્યમાં ઘુડખરની કુલ વસ્તી અંદાજે ૭,૬૭૨ નોંધાઈ છે. જ્યારે, છેલ્લી ગણતરી મુજબ ગુજરાતમાં ૬,૦૮૨ ઘુડખર હતા. ગુજરાતના ઘુડખર વિશ્વમાં " અને ખુર તરીકે પણ ઓળખાય છે.

ઘુડખર ગણતરીની વિગતો આપતા વન મંત્રી મુળુભાઈએ કહ્યું હતું કે, ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬ જિલ્લાઓમાં જોવા મળે છે. ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી પ્રમાણે ૨,૭૦૫ ઘુડખર સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે ૧,૯૯૩ ઘુડખર કચ્છ જિલ્લામાં, ૧,૬૧૫ પાટણમાં, ૭૧૦ બનાસકાંઠામાં, ૬૪૨ મોરબીમાં તેમજ ૦૭ ઘુડખર અમદાવાદ જિલ્લામાં જોવા મળે છે. આ



ઉપરાંત વન રીઝિયન પ્રમાણે સૌથી વધુ ૩,૨૩૪ ઘુડખર ધાંગધ્રામાં, ૨,૩૨૫ રાધનપુર અને ૨,૧૧૩ ભચાઉ રીઝિયનમાં વસવાટ કરે છે.

વધુમાં, આ વન અને અભયારણ્ય વિસ્તારમાં ૨,૫૬૯ માદા ઘુડખર, ૧,૧૧૪ નર ઘુડખર, ૫૮૪ બચ્ચા અને ૨,૨૦૬ વણ ઓળખાયેલ જ્યારે, રેવન્યુ વિસ્તારમાં ૫૫૮ માદા ઘુડખર, ૧૯૦ નર ઘુડખર, ૧૬૮ બચ્ચા તેમજ ૨૮૩ વણ ઓળખાયેલા ઘુડખર છે. આમ બે વિસ્તારના મળીને રાજ્યમાં કુલ ૭,૬૭૨ ઘુડખર નોંધાયા છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઘુડખર વસ્તી ગણતરી અંદાજે ઠઅકઉ- ૨૦૨૪માં લગભગ ૧૫,૫૧૦ ચો. કિ.મી. વિસ્તારમાં ડાયરેક્ટ કાઉન્ટ મેથડથી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં ઘુડખરની સાથે સાથે અન્ય વન પ્રાણીઓની ગણતરી પણ કરવામાં આવી હતી. આ ગણતરીમાં નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ, રણ લોંકડી જેવા વન્ય જીવોનો સમાવેશ થાય છે.

ગણતરીકારોને પરંપરાગત પદ્ધિતિની સાથે જ, આધુનિક ટેકનોલોજી જેમ કે, ડ્રોન કેમેરા, કેમેરાટ્રેપ, ઈ-ગુજ ફોરેસ્ટ મોડ્યુલ જેવા સંસાધનો પણ આપવામાં આવ્યા હતા. ભારતીય ઘુડખર ( )ની ખાસ વિશેષતાઓ એ છે કે, ગુજરાતના આ ઘુડખર રણમાં ૪૫ થી ૫૦ ડિગ્રી જેટલા આકરા તાપમાન વચ્ચે પણ જીવી શકે છે. રણમાં આવેલા ટાપુ પર ઊગતું ઘાસ જ આ ઘુડખરનો મુખ્ય ખોરાક છે.

# એક માસમાં ૪૨ હજાર લોકો લાયબ્રેરીની મુલાકાતે

- **૬૦૫ નવા સભ્યો નોંધાયા સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તક, રમકડામાં વધારો**



રાજકોટ, તા.૯

મનપા સંચાલિત શ્રીમતી પ્રભાદેવી.જે. નારાયણ પુસ્તકાલય શિક્ષણ સમિતિ કેમ્પસ, શ્રી દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય,વોર્ડ નં. ૨ની વોર્ડ ઓફિસની બાજુમાં શ્રોફ રોડ, શ્રી બાબુભાઈ વૈધ લાયબ્રેરી, બાપા સીતારામ ચોકની બાજુમાં, પેરેડાઇઝ હોલ સામે, ડો. બાબા સાહેબ આંબેડકર ભવન લાઈબ્રેરી, જીલ્લા ગાર્ડન, બહેનો અને બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી યુનિટ ૧ તથા ૨, મહિલા વાચનાલય, મહિલા એક્ટીવિટી સેન્ટર, નાના માવા, ચાણક્ય લાઈબ્રેરી, ગોવિંદ બાગ શાકમાર્કેટ સામે, ઈસ્ટ ઝોનમાં એક માસ દરમ્યાન કુલ ૪૨,૭૬૨ મુલાકાતીઓએ લાભ લીધેલ હતો. આ એક માસ દરમ્યાન ૬૦૫ નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા હતા. સભ્યોની માંગણી અને નવ પ્રકાશિત વિવિધ વિષયોનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાની સાથે સાથે વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો મળી કુલ ૮૦૦ પુસ્તકો તથા બાળકો માટે વિવિધ પ્રકારના ૧૦૦ જેવા રમકડા, પઝલ્સ, ગેઈમ્સ વગેરે ઈશ્યુમાં મુકવામાં આવેલ છે. સપ્ટેમ્બર માસ દરમ્યાન ૯૩૫ મેગેઝીનની વાંચકો માટે ખરીદી કરવામાં આવેલ છે. આ વાંચનાલય સુવિધાઓનો પુરો લાભ લેવા મનપા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# રાજકોટના બાલભવન ખાતે "જિલ્લા કક્ષાનો કલા ઉત્સવ" યોજાયો

રાજકોટ તા.૯

રાજકોટ જિલ્લા અને તાલીમ ભવન દ્વારા આયોજીત જિલ્લાના ૧૧ તાલુકાઓની શાળાઓના વિદ્યાર્થીઓએ બાલભવન ખાતે જિલ્લાકક્ષા કલા ઉત્સવમાં ભાગ લીધો હતો. આ કલા ઉત્સવમાં ધોરણ ૬થી ૧૨ સુધીના ૧૩૪ વિદ્યાર્થીઓ અને તેમના સહાયકોએ ચિત્ર સ્પર્ધા, ગાયન સ્પર્ધા, વાદન અને બાળ કવિ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ઉત્સવમાં વિદ્યાર્થીઓના વાલીશ્રીઓએ તેઓનો ઉત્સાહ વધાર્યો હતો.

વિદ્યાર્થીઓએ નવરાત્રિના પાવન પર્વમાં ગરબે રમતી રાધાનું ચિત્ર, ભારતમાતાનું ચિત્ર, ગુજરાતના કવિઓ, ગુજરાતી વાનગીઓ, મંદિરો, વાવ, ગુજરાતના મહાનપુરુષોના ચિત્રો અને "સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" સહિતના ચિત્રો બનાવ્યા હતા. બાળકવિઓએ ઝવેરચંદ મેઘાણીની કવિતાઓ, ગરવા ગીરનાર અને જુનાગઢની સંસ્કૃતિ અંગેની કવિતાઓ ગાઈને લોકોમાં અનેરો ઉત્સાહ જગાવ્યો હતો. ઉપરાંત, વિદ્યાર્થીઓએ ગાયન અને વાદનમાં ગુજરાતી ભાતીગળ સંસ્કૃતિઓના ગીતો અને ભજનો સાથે સંગીતના જુદા જુદા વાદ્યોથી ગુજરાતની અનેરી અસ્મિતાની ઝલક બતાવી હતી. આ કલા ઉત્સવમાં સાહિત્ય, સંગીત અને કલાનો ઉપાસક હોય તેવો "ઉભરતો કલાકાર" સેલ્ફી પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ તકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી ડો. સંજય મહેતા, કલા ઉત્સવના કન્વિનરશ્રી સોનલબેન ચૌહાણ, શિક્ષકશ્રીઓ, વાલીશ્રીઓ અને વિદ્યાર્થીઓ સહીત આશરે ૪૦૦ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# શહેર પોલીસની અભેદ્ય કિલ્લાબંધી, ખેલૈયાઓ માટે સુરક્ષિત મેદાન

# રાજકોટ પોલીસે પાંચ દિવસમાં પોલીસે દારૂના નશામાં છાકટા બનેલા અને હથિયાર સાથે ફરતા અનેક લુખ્ખાઓને દબોચ્યા




## પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના સીધા માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, પીસીબી, દરેક પોલીસ મથકનો સ્ટાફ, મહિલા પોલીસ, શી-ટીમ સતત રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ દારૂડિયા નશાની હાલતમાં શખ્સો ગરબે ઘુમતા ખેલૈયાઓને હેરાન ન કરે તે પહેલાં જ પકડી-પકડીને લોકઅપમાં નાંખ્યા પોલીસની મેદાનમાં પણ સતત હાજરીથી આયોજક અને ખેલૈયાઓ ડબલ જોમ

રાજકોટ. તા.૦૮

માતાજીનું આરાધના પર્વ નવરાત્રીનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો છે અને માંઈ ભક્તો ભક્તિમાં લિન બન્યા છે. ત્યારે માતાજીના પર્વમાં શહેરમાં રાતે દિવસ ઉગ્યો હોય તેવો માહોલ ઉભો થઈ રહ્યો છે અને ખેલૈયાઓ જોમ અને જૂસ્સાથી ગરબે ઘૂમી રહ્યાં છે. ત્યારે તેમની સુરક્ષા કાજે શહેર પોલીસની ઝાંબાઝ ટીમો પણ સતત ખેલૈયાઓની વચ્ચે રહી તેમની સુરક્ષામાં ખડેપગે ઉભી રહે છે અને દારૂના નશામાં છકટા બનેલા શખ્સો કે હથિયારો સાથે રૌફ જ માવવા નીકળેલા લુખ્ખાઓને પોલીસની ટીમે પકડી પકડીને લોકઅપમાં પુરી કાયદો વ્યવસ્થા બાખૂબી સાંભળી હતી.



શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી સીપી મહેન્દ્ર બગરીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી જગદીશ બાંગરવા, સજ્જનસિંહ પરમાર, પૂજા યાદવની રાહબરીમાં શહેર પોલીસે નવરાત્રીમાં કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે ખાસ પ્લાન બનાવી ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, પીસીબી તેમજ દરેક પોલીસ મથકની અલગ અલગ ટીમો બનાવી શહેરમાં થતી અર્વાચીન અને પ્રાચીન ગરબાના આયોજનમાં સતત ખડેપગે રહી માતાજીની આરાધના કરતાં ખેલૈયાઓની સતત સુરક્ષા કરી રહી છે.

સુરક્ષિત માહોલમાં ખેલૈયાઓ પણ જોમ જુસ્સાથી ગરબે ઘૂમી રહ્યાં છે. ખાસ મહિલાઓની સુરક્ષા માટે પોલીસે પ્રિ. પ્લાન બનાવી મહિલા પોલીસ મથકની અને શી ટીમની અલગ અલગ ટીમો બનાવી સ્ટાફ ટ્રેડિશનલ ડ્રેસમાં મેદાનમાં રહી મહિલાઓની પજવણી કરવાં ગરબામાં આવતાં શખ્સો પર ચાંપતી નજર રાખી રહી છે. ઉપરાંત ઉચ્ચ અધિકારીઓ પણ સતત ફિલ્ડમાં રહી પોલીસ સ્ટાફ અને ગરબાનું આયોજન કરતાં આયોજકોને માર્ગદર્શન પૂરું પાડી સુરક્ષાનું સુચારુ આયોજન કરી રહ્યાં છે.

વડોદરામાં સગીરનું અપહરણ કરી દુષ્કર્મ બન્યાની ઘટના સામે આવતાં ખળભળાટ મચી ગયો હતો. શહેરમાં પણ ચાલી રહેલાં મહાપર્વમાં આવી ઘટના ન ઘટે તે માટે એસઓજીની અલગ અલગ ટીમો અને સ્થાનિક પોલીસે નોંધણી કરાવ્યાં વગર અલગ અલગ દુકાનો અને પેઢીમાં નોકરી કરતાં પરપ્રાંતીય કારીગરો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

**વડોદરા જેવી ઘટના ન ઘટે તે માટે નોંધણી ન કરાવનાર પરપ્રાંતીય શખ્સોને મિલકત ભાડે આપનાર સામે કાર્યવાહી વડોદરા જેવી ઘટના ન ઘટે તે માટે નોંધણી ન કરાવનાર પરપ્રાંતીય શખ્સોને મિલકત ભાડે આપનાર સામે કાર્યવાહી**

જેમાં એસઓજીની ટીમે ભગવતીપરા શેરી નં.૪ માં રહેતા ધીરજ જખુ આઈડીએ પોતાનું મકાન પોલીસને જાણ કર્યા વગર પરપ્રાંતીય શખ્સને આપતાં ગુનો નોંધાયો હતો. તેમજ ઢેબર કોલોની ગાયત્રી નગર મેઈન રોડ પર જયેશ પોપટ સરવૈયા અને ચુનારાવડમાં જીતેન્દ્ર સુખા કનેરા સહિતના લોકો સામે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

મહિલાની સુરક્ષાનો પર્યાય એટલે શી-ટીમ શહેરની ગરબીઓમાં દોડી દોડીને બાળાઓને સુરક્ષાના પાઠ ભણાવી રહી છે

ગઈકાલે ટ્રાફીક ડીસીપી પુજા યાદવના માર્ગદર્શન હેઠળ મહિલા સેલ આર.એસ.બારીયા, ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાની રાહબરીમાં શી-ટીમ ના કોન્સ્ટેબલ જાગૃતિબેન, સંજનાબેન સહિતના સ્ટાફે હુડકો વિસ્તારની અર્વાચીન ગરબીઓમાં જઈ નાની બાળાઓને ગુડ ટચ બેડ ટચ વિશે વિડિઓ દ્વાર સમજાવેલ તેમજ કોઈ અજાણી વ્યક્તિ સાથે સુમ સાન જગ્યા ઉપર એકલું ના જવું કોઈ લીકવીડ કે કે કોઈ વસ્તુ ખાવાની આપે તો ના ખાવી અને પોતાના વાલીઓને એક પાસવર્ડ પોતાની દીકરીને આપવો અને રાતના સમય સાથે રહેવા બાબતે માહિતી આપેલ હતી.

તેમજ ૩૩ દીકરીને નવરાત્રીનો નાસ્તો કરાવેલ હતો. તેમજ ગઈકાલે મહિલા પોલીસ મથકના પીઆઈ બી.ટી.અકબરીના માર્ગદર્શન હેઠળ કોન્સ્ટબલ વિમલબેન, ખુશાલીબેન, ભૂમિબેન સહિતના સ્ટાફે કુવાડવા ગામની પ્રાચીન ગરબી શ્રી ભવાની ગરબી મંડળની ગરબે રમતી કિશોરીઓ તેમજ ગરબી જોવા આવેલ આશરે ૨૦૦ જેટલા ગ્રામજનો ને શી ટીમ, ૧૦૦ નંબર તથા ૧૮૧ અભયમ લાઈન વિશે માહિતી આપવામાં આવેલ તેમજ શી ટીમ કેવી રીતે કામ કરે છે અને ૧૦૦ નંબર ઉપર કોલ કરી શી ટીમની મદદ લેવા બાબતે માહિતી આપેલ હતી. તેમજ ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પ લાઇન વિસે મહિતી આપી પોતાની સુરક્ષાનુ ધ્યાન રાખવુ ક્યાય પણ એકલા ના જવુ અને મિત્રો સાથ ગ્રુપમાં જવું જતેમજ કોઈ અજાણ વ્યક્તિ પાસેથી ખાધ્ય પદાર્થ ખાવો નહિ તેમ જણાવ્યું હતું.

# રાજકોટ શહેર ભાજપમાં કાર્યાલય મંત્રી રહેલા હરેશ જોશીને એકાએક હટાવી હિતેશ ઢોલરિયાની નિમણુંક

રાજકોટ.તા.૮

ભારતીય જનતા પાર્ટીના સંગઠનમા જ્યારે પણ કોઈ હોદ્દેદારની હકાલપટ્ટી કરવાની હોય તો તેને રાતોરાત છુટ્ટા કરી દેવામાં આવે છે એ પછી શહેર હોય કે પ્રદેશ દરેક જગ્યાએ ત્વરિત નિર્ણય કરવામાં આવે છે. રાજકોટ શહેર ભાજપમાં પણ આવું જ કઈક થયું છે. છેલ્લા ૩૦ વર્ષથી અલગ અલગ સંગઠનમાં હોદ્દો ધરાવતા હરેશ જોષીને શહેર ભાજપ કાર્યાલય મંત્રીના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. ૭ ઓક્ટોબરે નિયત સમય પ્રમાણે હરેશ જોષી પોતાનું કામ પૂર્ણ કરતાની સાથે જ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી અને ત્રણેય મહામંત્રીઓ દ્વારા તેઓને છુટ્ટા કરી આ હોદ્દા પર નવા કાર્યાલય મંત્રી તરીકે હિતેષ ઢોલરિયાની નિમણૂક કરી દેવામાં આવી છે.

રાજકોટમાં છેલ્લી બે ટર્મથી હરેશ જોષી કાર્યલય મંત્રી તરીકે જોડાયેલ છે. કાર્યાલયમાં થતી દરેક કામગીરીથી તેઓ સારી રીતે વાકેફ છે. દરેક બાબતોની



ફરિયાદો અને અધિકારીઓને સૂચનાઓ ભાજપ કાર્યલયથી જતી હોય છે. ત્યારે હરેશ જોષીને દૂર કરવા પાછળ શું કારણ છે તે મોટો સવાલ છે. એવી પણ ચર્ચા છે કે હરેશ જોષી સામે ભૂતકાળમાં કેટલીક ફરિયાદો મળી હતી. ત્યારે આ ફરિયાદોને આધારે પણ આ કાર્યવાહી થતી હોય તેવી ચર્ચા છે. હરેશ જોષી પત્રકારો સાથે પણ સંપર્ક ધરાવે છે ત્યારે અવારનવાર કાર્યાલયની વાતો બહાર જતી હોવાનો આક્ષેપ પણ હરેશ જોષી સામે થઈ રહ્યો હતો. ચર્ચાઓ અનેક છે પરંતુ ભાજપ એક શિસ્તબદ્ધ પાર્ટી છે માટે સાચું કારણ શું છે તે અંગે તમામ આગેવાનોએ નેતાઓએ સત્તાવાર કશું બોલવાનો ઈન્કાર કરી મૌન ધારણ કરી લીધું છે.હરેશ જોષીને દૂર કરવા અંગે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ જણાવ્યું હતું કે, કાર્યાલય મંત્રી બદલાનો નિર્ણય વ્યવસ્થાનો એક ભાગ છે. તેમની ટર્મ પૂર્ણ થતા નવા મંત્રીની નિમણૂક કરવામાં આવી છે. શહેર ભાજપમાં કોઈ વિવાદ કે કોઈ જૂથવાદ નથી. વ્યવસ્થાના ભાગરૂપે કાર્યકર્તાઓના હોદ્દા બદલાતા રહેતા હોય છે. થોડા સમય પહેલા પ્રદેશના કાર્યાલય મંત્રી પણ બદલાયા હતા. તેવી જ રીતે રાજકોટના કાર્યાલય મંત્રી બદલાયા છે. નવા કાર્યાલય મંત્રી તરીકે હિતેશ ઢોલરિયાને અસરથી નિમણૂક આપવામાં આવી છે.હરેશ જોષી છેલ્લા ૩૦ વર્ષથી રાજકોટ ભારતીય જનતા પાર્ટીમાં સક્રિય રીતે જોડાયેલ છે. હરેશ જોષી પહેલા ભાજપની મીડિયા ટીમ સાથે જોડાયેલા હતા. બાદમાં તેઓ હિસાબનીશ તરીકે જોડાયા હતા. હરેશ જોષીએ



મહાનગરપાલિકાના કાર્યાલય મંત્રી તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે અને છેલ્લી બે ટર્મથી તેઓ ભાજપના કાર્યાલય મંત્રી તરીકે જોડાયેલા હતા. ત્યારે હવે આગળ કોઈ અન્ય હોદામાં નિમણૂક આપવામાં આવશે કે પછી ચર્ચા મુજબ વિવાદોના કારણે છૂટા કરાયા હોવાથી નવો કોઈ હોદ્દો આપવામાં નહીં આવે તે જોવું મહત્વનું રહેશે.

# આજી નદીના કાંઠે થનારૂ મેગા ડિમોલીશન રોકવા માંગણીઃ હાઈકોર્ટે પણ બ્રેક મારી છે

### જંગલેશ્વર વિસ્તારના લોકોનો કમિશ્નરને પત્ર વૈકલ્પિક વ્યવસ્થા આપવા રજૂઆત

રાજકોટ, તા. ૮

શહેરના વોર્ડ નં.૧૬ના જંગલેશ્વર, એકતા કોલોનીના નદી કાંઠાના વિસ્તાર અને વેલનાથ રાધાકૃષ્ણનગરમાં ડિમોલીશન માટે અપાયેલી નોટીસ સામે જંગલેશ્વર હિન્દુ-મુસ્લિમ એકતા સમિતિના નામે મ્યુનિ. કમિશ્નરને રજુઆત કરવામાંઆવી છે. આ રજુઆતમાં જણાવ્યું છે કે એકતા કોલોની, જંગલેશ્વર શેરી નં. ૨ થી ૧૨ અને ૨૧ થી ૩૭ બુધ્ધનગર, રાધાકૃષ્ણનગરમાં કલમ ૨૬૦-૧ હેઠળ ટીપી શાખાએ નોટીસો ફટકારી છે. જો આ ડિમોલીશન કરવામાં આવે તો તેઓ બેઘર થઈ જાય તેમ છે.

૨૦૦૭માં પૂર વખતે તો કલેકટર દ્વારા કેશડોલ્સ આપવામાં આવી હતી. આ વિસ્તારમાં કારખાનાના રબીશના કારણે ૫૦૦ થી ૭૦૦ વાર સુધી નદી કાંઠાનો ભાગ બુરાઈ ગયો



છે. આથી વોર્ડ નં.૧૫માં જે ભાગ પહેલા આવતો હોય તેનું ડિમોલીશન પહેલા કરવું જોઈએ. ૧૦ વર્ષથી લતામાં પાણી ઘુસી જાય છે. કારખાનાના દબાણ હટાવવા પહેલા કાર્યવાહી કરવી જોઈએ. જો રહેણાંકને દુર કરવામાં આવશે તો સેંકડો પરિવારોની દિવાળી બગડશે.

આ પરિવારોને નાગરિક બેંક સોરઠીયાવાડી બાજુની આવાસ યોજનામાં ફ્લેટ ફાળવવાની જરૂર છે. તા.૩૧-૫-૨૨ના રોજ ડિમોલીશનની નોટીસ સામે હાઈકોર્ટમાં રીટપીટીશન કરવામાં આવતા લોકો માટે યોગ્ય વ્યવસ્થા કરવા મનપાને જણાવાયું હતું. આથી જાહેર હિતમાં ડિમોલીશન ન કરવા માંગણી કરવામાં આવી છે. ૪૦ વર્ષથી આ પરિવારો અહીં રહે છે. ૧૫૦૦થી વધુ મકાનમાં વરસાદી પાણી આવી જતા નુકસાન થયા છે. આથી જંગલેશ્વર મેઈન રોડને પણ રીવાઈઝ ટીપીમાં લેવાની જરૂર છે. ૨૦૦૭ના પૂર વખતે આવાસના લાભમાંથી ૭૦૦ થી ૮૦૦ લોકો વંચિત રહી ગયા છે આથી એકતા કોલોની, બુધ્ધનગર, રાધાકૃષ્ણનગર અને નાડોદાનગરમાં ડિમોલીશન ન કરવા માંગણી કરાઈ છે.

# ગેમ ઝોન અગ્નિકાંડમાં જમીન માલિક કિરીટસિંહને કોર્ટનો બીજી વખત ઝટકો

### જેલમુક્ત થવા કરેલી જામીન અરજી રદ

રાજ્ય ચકચાર જગાવનાર રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના કેસ સેશન્સ કમિટ થયા બાદ ખેડૂત, આસિ.ફાયર ઓફિસર અને સસ્પેન્ડ બે. આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર કરેલી જામીન અરજી રદ કરતો હુકમ કર્યા બાદ જમીન માલીક કિરીટસિંહ જાડેજાએ જેલ મુક્ત થવા જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ આરોપી કિરીટસિંહ જાડેજાની જામીન અરજી નામંજુર કરતો હુકમ કર્યો છે.આ અંગેની હકીકત મુજબ શહેરના કાલાવડ રોડ નજીક નાના મવા વિસ્તારમાં આવેલા ટીઆરપી ગેમઝોનમાં ગઈ તા.૨૮/૫/૨૦૨૪ના રોજ આગ ફાટી નીકળતા નાના બાળકો અને ગેમઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતા. આ બનાવવાળી જગ્યાનું ફાયર એનઓસી લેવામાં આવેલ ન હોય, તંત્ર દ્વારા ગેમઝોનના ભાગીદારો અને તંત્રના જવાબદાર અધિકારીની સાંઠગાંઠ હોવાના કારણે આ દુખદ ઘટના બની હોવાનું બહાર આવ્યું હતું. આ બનાવને ગંભીરતાથી લઈ રાજ્ય સરકાર દ્વારા એસ.આઈ.ટી.ની રચના કરવામાં આવી હતી.

જે તપાસમાં ટીઆરપી ગેમઝોનના ભાગીદારો, સંચાલકો અને મહાનગરપાલિકા સહિતના જવાબદાર ધવલ ભરતભાઈ ઠક્કર, યુવરાજસિંહ હરિસિંહ સોલંકી, રાહુલ લલિતભાઈ રાઠોડ, નીતિન મહાવીરપ્રસાદ લોઢા, અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, મહેશ અમૃતભાઈ રાઠોડ, મનસુખ ધનજીભાઈ સાગઠીયા, ગૌતમ દેવશંકર જોષી, મુકેશ રામજીભાઈ મકવાણા, જયદિપ બાલુભાઈ ચૌધરી, રાજેશ નરશીભાઈ મકવાણા, રોહિત અસમલભાઈ વિગોરા, ભીખાભાઈ જીવાભાઈ થીબા, ઈલેશ વલભભાઈ ખેર શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જશીટ રજૂ થતા આ કેસ સેશન્સ કમિટ થયા બાદ જમીન માલિક અશોકસિંહ જાડેજા, આસિસ્ટન્ટ ફાયર ઓફિસર ઈલેશ ખેર, આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર ગૌતમ જોશી અને રાજેશ મકવાણાએ કરેલી જામીન અરજી કોર્ટ દ્વારા રદ કરતો હુકમ કર્યા બાદ જમીન માલિક કિરીટસિંહ જાડેજાએ જેલ મુક્ત થવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી.

### આસુરી પ્રવૃતિઓ પર સાત્વિક પ્રવૃતિઓના વિજયનું પર્વ વિજયાદશમી

# શનિવારે રેસકોર્સ મેદાનમાં રાવણદહન-આતશબાજી તૈયારીઓનો ધમધમાટ

રાજકોટ તા.૯

આગામી તા.૧૨મીના શનિવારે દશેરા છે. વિજયાદશમી માત્ર ભગવાન રામના રાવણ પરના વિજયનું પર્વ નથી. આ અસત્ય પર સત્યના વિજયનું પર્વ છે. અંધકાર પર પ્રકાશનો વિજય, અહંકાર પર શીલ અને મર્યાદિત શકિતના જીતનું પર્વ છે. વિજયાદશમી આસુરી પ્રવૃતિઓ પર સાત્વિક પ્રવૃતિઓના વિજયનું પર્વ છે.

રાજકોટમાં વર્ષોથી વિજયાદશમીના દિવસે વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ દ્વારા રાક્ષસ રૂપી રાવણનું દહન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.



**વિહિપ-બજરંગદળ તથા દુર્ગાવાહિની દ્વારા ગુજરાતના સૌથી ઉંચા ૬૦ ફૂટના રાક્ષસનું તથા અન્ય ૩૦-૩૦ ફૂટ ઉંચા રાક્ષસોના બે પૂતળા બનાવાયા છે રાવણ દહન તથા આતશબાજીના કાર્યક્રમમાં હજારો લોકો ઉમટી પડશે**

વિહિપ-બજરંગ દળ દ્વારા આ વર્ષે પણ સમગ્ર ગુજરાતના સૌથી ઉંચા રાક્ષસોના પુતળાઓનું દહન કરવામાં આવનાર છે. આગામી તા.૧૨ના શનિવારે વિજયાદશમી નિમિત્તે વર્ષોથી પરંપરાગત રીતે રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે સાંજે ૭ કલાકે રાક્ષસોના પુતળાનું દહન કરાશે. સાથે લોકો આતશબાજીનો આનંદ માણી શકશે.

આ વર્ષે રાજકોટ મહાનગર વિહિપ-બજરંગદળ- દુર્ગાવાહિની દ્વારા ગુજરાતના સૌથી ઉંચા ૬૦ ફૂટના રાક્ષસનું એક પુતળુ તથા અન્ય ૩૦-૩૦ ફૂટ ઊંચા રાક્ષસોના બે પૂતળા બનાવવામાં આવ્યા છે. આ પૂતળાઓ બનાવવા માટે ખાસ આગ્રા (યુપી)થી તેના સ્પેશ્યાલીસ્ટ કારીગરોને રાજકોટ બોલાવવામાં આવેલ છે. જેમને અનેક દિવસોની સખ્ત જહેમત અને મટીરીયલનો બહોળામાં પ્રમાણમાં ઉપયોગ કરીને આ પૂતળાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ખૂબ જ કૌશલ્ય માંગી લ્યે તેવા આ પૂતળાઓ બનાવવાનું કાર્ય કુશલ કારીગરો જ કરી શકે છે.

પુતળાઓ દેખાય છે એક ભાગ પરંતું તેનું નિર્માણ અલગ અલગ ચાર ભાગોમાં કરવામાં આવતું હોય છે અને બાદમાં આ ચારેય ભાગો એકઠા કરીને આ પુતળાને પૂર્ણ સ્વરૂપ આપી ગ્રાઉન્ડ ખાતે ઉભુ કરવામાં આવે છે અને દશેરાના પર્વે આ પૂતળાઓને કાંડી ચાપતા જ તે ભડભડ સળગી ₹ ઉઠે છે.

આ વર્ષે રાજકોટ મહાનગરમાં ગુજરાતનો સૌથી ઉંચો રાક્ષસ બનશે. કારીગરોની ખાસ ટીમ આ પુતળા બનાવવાની સ્પે. છે. આવા ૨૫થી વધુ કારીગરો રાત દિવસ જહેમત ઉઠાવીને આ પૂતળાઓ તૈયારી કરેલ છે.

આ સમગ્ર આયોજન રાજકોટ શહેરની તમામ જનતા માટે રાખેલ છે જેનો લાભ બહોળી સંખ્યામાં લેવા વિહિપ, રાજકોટ મહાનગરના અધ્યક્ષ શાંતુભાઈ રૂપારેલીયા તથા કાર્યકારી અધ્યક્ષ હસુભાઈ ચંદારાણા તથા વિહિપ સૌરાષ્ટ્ર પ્રાંચના નિતેશભાઈ કથીરીયા તથા કોષાધ્યક્ષ વિનુભાઈ ટીલાવત દ્વારા અનુરોધ કરાયો છે.

# રાજ્યના અનુસૂચિત જાતિના ૩ લાખ વિદ્યાર્થીઓ સ્કોલરશીપથી વંચિત

## ડિજિટલ ગુજરાત પોર્ટલમાં ટેકિન્કલ ખામીને કારણે ૪.૧૫ લાખમાંથી માત્ર ૧.૧૩ લાખને જ શિષ્યવૃત્તિ મળી

રાજકોટ.તા.૯

ડિજિટલ ગુજરાત પોર્ટલમાં ટેકિન્કલ ખામીને કારણે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને મળતી વાર્ષિક સ્કોલરશીપ અટકી પડી છે. ગુજરાતમા અનુસૂચિત જાતિના પ્રી-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિકના રાજ્યમાં ૪,૧૫,૪૦૦માંથી ૧,૧૩,૦૬૩ને જ શિષ્યવૃત્તિ મળી છે. જ્યારે ૩,૦૨,૩૩૭ને સ્કોલરશીપ મળવાની બાકી છે. એટલે કે, ૨૭.૨૨ ટકાને શિષ્યવૃત્તિ મળી છે. જેમાં સૌરાષ્ટ્રમાં ૧,૩૫,૮૪૨માંથી ૩૬,૨૧૨ જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧,૭૧,૮૯૭માંથી ૪૫,૨૬૮ને જ મળી છે. જ્યારે ૧,૨૬,૬૨૯ વિદ્યાર્થીને સ્કોલરશીપનો લાભ મળ્યો નથી. જેમાં રાજકોટના ૨૦,૪૮૬ વિદ્યાર્થી પણ સામેલ છે.




રાજકોટના સમાજ કલ્યાણ વિભાગના અનુસૂચિત જાતિના નાયબ નિયામક આનંદબા ખાચરે જણાવ્યું હતું કે, ધોરણ ૧ થી ૮ અને ધોરણ ૯,૧૦નાં વિદ્યાર્થીઓને વાર્ષિક પ્રી-મેટ્રિક સ્કોલરશીપ મળતી હોય છે અને ધોરણ ૧૧થી ઉચ્ચ કક્ષાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમાં ગુજરાત ડિજિટલ પોર્ટલમાં ખામી હોવાને કારણે પ્રક્રિયા ધીમી ચાલી રહી હતી. પરંતુ હવે પોર્ટલ થોડું ફાસ્ટ ચાલતા પ્રક્રિયા શરૂ થાય છે. જેમાં વાર્ષિક રૂ.૭૫૦થી લઈને રૂ. ૭,૦૦૦ સુધીની સ્કોલરશીપ મળે છે.

રાજ્યમાં અનુસૂચિત જાતિના ધોરણ ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓને પ્રી-મેટ્રિક સ્કોલરશીપ મળી રહી છે અને ધોરણ ૧૧થી આગળનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જો કે, આ વખતે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં ટેકિન્કલ ખામીને કારણે આ શિષ્યવૃત્તિ મળી નથી. જેને લીધે વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી છે.ડિજિટલ ગુજરાત પોર્ટલમાં ટેકિન્કલ ખામીને કારણે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને મળતી વાર્ષિક સ્કોલરશીપ અટકી પડી છે. ગુજરાતમા અનુસૂચિત જાતિના પ્રી-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિકના રાજ્યમાં ૪,૧૫,૪૦૦માંથી ૧,૧૩,૦૬૩ને જ શિષ્યવૃત્તિ મળી છે. જ્યારે ૩,૦૨,૩૩૭ને સ્કોલરશીપ મળવાની બાકી છે. એટલે કે, ૨૭.૨૨ ટકાને શિષ્યવૃત્તિ મળી છે.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક વેંચતા વધુ ૧૬૬ વેપારીઓ દંડાયા

- જાહેરમાં ગંદકી કરનારા પાસેથી રૂ.૪૨૩૫૦નો વહીવટી ચાર્જ વસુલ



રાજકોટ તા.૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૦૫ થી ૦૭ એમ કુલ ૩ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૧૬૬ આસામીઓ પાસેથી ૧૪.૦૬૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૨૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૫ આસામીઓ પાસેથી ૩.૭૭૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૪૬૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૬ આસામીઓ પાસેથી ૨.૯૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૦૬૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.₹

# રૈયાધારમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈઃ મહિલાની ધરપકડઃ મેટોડાનો શખ્સ ફરાર

■ સંતોષીનગર ફાટક પાસેથી દેશી દારૂના જથ્થા સાથે બે ઝડપાયા પડધરીનો યોગેશ ડાભી ફરાર બુટલેગરો પર પોલીસની ધોંસ અવિરત



રાજકોટ, તા.૯

શહેર પોલીસે બુટલેગરો પર ધોંસ બોલાવી હોય તેમ રૈયાધારમાંથી દેશી દારૂ ભઠ્ઠી ઝડપી મહિલાની ધરપકડ કરી હતી. જયારે સંતોષીનગર ફાટક પાસેથી દેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી કાર્યવાહી કરી હતી. દરોડાની વિગત મુજબ પીસીબી પીઆઇ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ ગીરીરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ વાલજી જાડાને મળેલ ચોકકસ બાતમીના આધારે રૈયાધાર ઇન્દીરાનગર શેરી નં.૧૧માં રહેતી ગીતા મહેશ મકવાણાના મકાનમાં દરોડા પાડી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી પાડી દેશી દારૂ ૨૫ લીટર, આથો ૧૦૦ લીટર મળી રૂ. ૯૭૨૫નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.બીજા દરોડામાં એલસીબી ઝોન-૨ની ટીમે રેલનગરના સંતોષીનગર ફાટક પાસે મફતીયાપરામાં પાણીના ટાંકા વાળા રોડ પર એકટીવા પર ૨૩ લીટર દેશી દારૂ લઇને નીકળેલા મનસુખ ઉર્ફે મનોજ જયંતીભાઇ ડાભી (ઉ.વ.૩૪, રહે. સંતોષીનગર શેરી નં.૭) અને અશ્વિન ધીરૂ સીતાપરા (ઉ.વ.૪૦, રહે. સંતોષીનગર મફતીયા)ને દબોચી લીધા હતા અને એકટીવા, દારૂનો જથ્થો મળી રૂ. ૨૯,૬૦૦નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ દારૂનો જથ્થો યોગેશ ભુપત ડાભી (રહે. પડધરી)એ વેચાણથી આપ્યો હોય યોગેશની શોધખોળ પોલીસે હાથ ધરી છે.

# ગુજરાત હાઈકોર્ટમાં નવા ત્રણ જજની નિયુકિતઃ કોલેજીયમની ભલામણ મંજૂર

## સંજય ઠાકર, દિસેન્દ્ર નારાયણ રે તથા મૌલિક શેલત નવા જજ બનશે

અમદાવાદ, તા. ૮

ગુજરાત હાઇકોર્ટમાં વધુ ત્રણ ન્યાયમૂર્તિઓની નિમણૂંક માટે સુપ્રીમકોર્ટની કોલેજીયમે ભલામણ કરી હતી તેમના નામ બાબતે કેન્દ્ર સરકારે જાહેરનામું બહાર પાડ્યું હતું. આ ત્રણેય ન્યાયમૂર્તિઓની સંજીવ જયેન્દ્ર ઠાકર, દિસેન્દ્ર નારાયણ રે(ડી.એન.રે) અને મૌલિક જીતેન્દ્ર શેલતનો સમાવેશ થાય છે. સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડ, જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ બી.આર.ગવઈની કોલેજીયમે ગુજરાત હાઇકોર્ટના બે અને સુપ્રીમકોર્ટના એક એડવોકેટ મળી કુલ ત્રણની ગુજરાત હાઇકોર્ટ જજ તરીકે નિયુકત કરવા ભલામણ કરી હતી.

સુપ્રીમ કોર્ટના કોલેજીયમ નાં નિર્ણયમાં જણાવવામાં આવ્યું હતું કે સંજીવ જયેન્દ્ર ઠાકરને હાઇકોર્ટ જજ તરીકે નિયુકત કરવાના મુદ્દે ચારમાંથી ત્રણ જજીસને હકારાત્મક અભિપ્રાય આપ્યો હતો, જ્યારે એક જજ દ્વારા અભિપ્રાય આપ્યો નહતો. ન્યાય મંત્રાલયની ફાઇલના તારણો મુજબ, સંજીવ ઠાકર સારુ વ્યકિતત્વ અને વ્યવસાયિક છાપ ધરાવે છે. તેમણે સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટથી લઇ ડિસ્ટ્રિકટ કોર્ટ અને હાઇકોર્ટમાં પ્રેકટીસ કરી છે.

તેમનો ૩૦ વર્ષનો વ્યવસાયિક અનુભવ છે અને સંસ્થા પરત્વેની પ્રતિબધ્ધતા વિશે તેમની વિરૂધ્ધમાં કંઇ વાંધાજનક નથી. આ જ પ્રકારે ડી.એન.રે પણ સારુ વ્યકિતત્વ અને વ્યવસાયિક છાપ ધરાવે છે. તેઓ સુપ્રીમકોર્ટમાં પણ નિયમિત પ્રેકટીસ કરે છે અને તાજેતરમાં જ તેઓને સુપ્રીમકોર્ટના સિનિયર એડવોકેટ તરીકે સ્થાન મળ્યું છે. તેઓ જે કેસમાં અપીઅર થયા હોય તેવા ૫૮ ચુકાદા રિપોર્ટેડ થયા છે. આમ, તેઓ પણ યોગ્ય અને લાયક ઉમેદવાર છે.

દરમ્યાન મૌલિક જીતેન્દ્ર શેલતના નામની પસંદગી મુદ્દે પણ ત્રણ જજોએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો, જયારે એક જજે જણાવ્યું હતું કે, તેમણે વ્યકિતગત રીતે તેમનું પરફોર્મન્સ જોયુ નથી. ન્યાય મંત્રાલય તરફથી મળેલા ઇનપુટ્સ મુજબ, મૌલિક શેલત પણ સારુ વ્યકિતત્વ અને છાપ ધરાવે છે. તેમની સંનિષ્ઠા પરત્વે પણ કંઇ વાંધાજનક નથી. આમ, ઉપરોકત ત્રણેય વકીલોને ગુજરાત હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે ભલામણ કરવામાં આવે છે.

ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની સાથે સલાહમસલત બાદ ઉપરોકત ત્રણ વકીલોને હાઇકોર્ટ જજ તરીકે નિયુકત કરવા બાબતની ભલામણ તા.૨૨-૧૨-૨૦૨૩ના રોજ સુપ્રીમકોર્ટને મોકલી આપી હતી.

બાદમાં સુપ્રીમ કોર્ટની કોલેજીયમે આ નામોને લઇ જરૂરી ચર્ચા વિચારણા હાથ ધરી હતી. સુપ્રીમકોર્ટની કોલેજીયમ દ્વારા તેમની સમક્ષ રજૂ કરાયેલા મટીરીયલ્સ, દસ્તાવેજો સહિતની બાબતોની ચકાસણી કરાઇ હતી અને ન્યાય મંત્રાલય દ્વારા આ અંગેની ફાઇલમાં કરાયેલા તારણો પણ ધ્યાને લેવાયા હતા.

# કરોડો રૂા.ના ડ્રગ્સની હેરાફેરીમાં ગુજરાત ટોપ પર,ભ્રષ્ટાચારે અજગરી ભરડો લીધો છે

## ભાજપના સદસ્ય બનવા કોઇ રાજી નથી બે મંત્રી વચ્ચેની ગપસપવાદી પૂરી પાડે છે

રાજકોટ, તા.૯

ગુજરાતમાં ભ્રષ્ટાચારે અજગરી ભરડો લીધો છે. કરોડો રૂપિયાના ડ્રગ્સની હેરાફેરીમાં ગુજરાત ટોપ પર છે તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહગોહીલે પત્રકાર પરિષદમાં જણાવી ઉમેર્યુ હતું કે ભાજપ સરકાર તમામ ક્ષેત્રે નિષ્ફ નીવડી છે.

ભાજપના સદસ્ય બનવા હવે કોઇ રાજી નથી. ભાજપના બે મંત્રી વચ્ચે ગપસપ તેની ગવાહી પુરી પાડી રહી છે. ભ્રષ્ટાચારીઓ અને દુષ્કર્મના આરોપીઓના કનેકશન ભાજપના આગેવાનો સાથે મળે છે.દાહોદમાં નાની બાળાની હત્યા કરવામાં આવી હતી. આ ઘટનામાં આચાર્ય ભાજપ અને આરએસએસ સાથે સંકળાયેલા હોવાના પુરાવા મળ્યા હતા. રાજ્યમાં દુષ્કર્મની ઘટનાઓ સતત વધી રહી છે પરંતુ ભાજપના પેટનું પાણી હલતું નથી.

અતિવૃષ્ટિની સહાય હજુ ખેડૂતોનેમળી નથી. વર્ક ઓર્ડરમાં ટકાવારીના ચેક ભાજપના ફંડમાં આપવા પડે છે. નવા બનાવેલા કરોડો રૂપિયાના ડામરરોડના પોપડા ઉખડી રહ્યા છે. તાજેતરમાં એરપોર્ટનો ભ્રષ્ટાચાર પણ સામે આવેલ હતો. ભાજપના ભ્રષ્ટાચાર અને લોક પ્રશ્નોના મુદ્દે કોંગ્રેસના કાર્યકરો શેરીઓમાં ઉતરશે તેમ શક્તિસિંહ ગોહીલે જણાવ્યું હતું.ગુજરાતમાં ત્રણ દાયકાથી ભાજપનું શાસન છે પરંતુ



કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણ ખાડે ગયેલ છે. સલામત ગુજરાતની વાતો હવામાં છે તેમ ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા અમિત ચાવડાએ જણાવેલ હતું. તેઓએ જણાવેલ હતું કે આજે ગુજરાતની સ્થિતિ એવી છે કે દારૂ ખુલ્લેઆમ વેચાય છે ડ્રગ ટ્રેડીંગનું ગુજરાત હબ બનેલ છે આ માફીયાના કનેકશન કમલમ સાથે જોડાયેલા હોવાનું જાણવા મળે છે.ગુજરાતમાં બહેન-દિકરીઓ સલામત નથી. ભાજપના શાસનમાં સગીરાઓ પર ગેંગરેપ-દુષ્કર્મની ઘટનાઓમાં વધારો થયો છે. નવરાત્રીમાં સુરેન્દ્રનગરના ધાંગધ્રામાં પાંચ વર્ષની બાળા પર બળાત્કાર થયો તેના હજુ સુધી એફએસએલ રિપોર્ટ આવેલ નથી. ગૃહરાજય મંત્રી સવાર સુધી નવરાત્રીમાં રમવા અંગેના ભાષણો કરે છે. પરંતુ જે સગીરા કે દિકરીઓ પર થતા બળાત્કારમાં તેઓની મુલાકાત લેવાનું કેમ તેઓને સુજતું નથી. ગુજરાતની સ્થિતિ દિવસે દિવસે કથળી રહી છે.

# ભગવતીપરામાંથી મુકબધીર માતા-પિતાની ગેરહાજરીમાં ઘરેથી ૧૪ વર્ષની તરૂણી ભેદી રીતે લાપતા

## બીજા દિવસે તરુણીએ પડોસીને ફોન કરી હમણાં આવું છે કહીં મોબાઈલ બંધ કરી દિધો પોલીસે અપહરણની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૯

ભગવતીપરામાંથી મુકબધીર માતા-પિતાની ગેરહાજરીમાં ઘરેથી ૧૪ વર્ષની તરૂણી ભેદી રીતે લાપતા થતાં બી. ડિવિઝન પોલીસે અપહરણની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે ભગવતીપરામાં રહેતાં ૩૨ વર્ષીય રીક્ષા ચાલકે બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રિક્ષા ડ્રાઇવિંગ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમના માતા પિતાનું અવસાન થયેલ છે. તેઓ બે ભાઇઓ અને બે બહેનો છે. જેમાં વચ્ચેટ ભાઇના લગ્ન થઇ ગયેલ છે અને તે પત્ની અને બે સંતાનો સાથે અલગ રહે છે. તેમની પુત્રી ૧૪ વર્ષની છે. ઉપરાંત તેના ભાઈ-ભાભી બંને જન્મથી બહેરા મુંગા છે. બંને લાકડાના ડેલામાં મજુરી કામ કરે છે.તેમની પુત્રીએ ધોરણ ૦૮ સુધીનો અભ્યાસ કરેલ અને હાલ ઘરે ઘરકામ કરે છે. તેમજ તેમના ભાભી મગજમા ગાંઠ હોય જે બીમારી સબબ આરામ કરવા માટે છેલ્લા પાંચેક દિવસથી તેના માવતરે ગયેલ હતાં.

ગઈ કાલે સવારનાં સમયે તે બાજુમાં રહેતા કુટુંબી ભાભીના ઘરે ગયેલ ત્યારે તેણે વાત કરેલ કે, ગઈ તા.૦૫ નાં બપોરનાં ચારેક વાગ્યાનલની આસપાસ તમારા મોટાભાઇ કામ ઉપર હતા અને તમારો ભત્રીજો સ્કૂલે ગયેલ હતો. તેના ઘરે રૂમમાં તાળુ મારેલ હોય અને તેની પુત્રી તેનો મોબાઇલ સાથે લઇ કોઇને કહ્યા વગર ઘરેથી ક્યાંક ચાલી ગયેલ છે જેથી તેણીને ફોન કરતા ફોન ઉપાડેલ નહી. જેથી આસપાસમાં તપાસ કરતાં મળી આવેલ ન હતી.ગઇકાલે સવારે સાત વાગ્યે પાડોસીએ તેમની ભત્રીજીને ફોન કરતાં તેણીએ વાત કરેલ કે, હું હમણા ઘરે આવું છું અને આવીને બધી વાત કરીશ તેમ જણાવી ફોન બંધ કરી દીધો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે અપહરણની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ હવે આતંકવાદી કૃત્ય ગણાશે

## ટ્રેન ઉપર પથ્થરમારો અને ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરનારને પકડવા રેલવે પોલીસનો એક્શન પ્લાન

રાજકોટ.તા.૯

દેશમાં ટ્રેન ઉથલાવવાના પ્રયાસોના બનાવો વધી રહ્યા છે ત્યારે હવે આવા કૃત્ય બદલ એનઆઈએ એક્ટ હેઠળ કાર્યવાહી કરવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવે અમદાવાદના રેલવે પોલીસના વડા બલરામ મીણા આજે રાજકોટ આવ્યા હતાં. તેમણે આ બાબતે કરેલી વાતચીતમાં જણાવ્યું કે, ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ એ એક આતંકવાદી કૃત્ય જેવો બનાવ હોય છે. જેના માટે બિનજામીન લાયક કૃત્ય કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ઉપરાંત રેલવેમાં વધી રહેલા ગુનાઓને રોકવા માટે પોલીસે ખાસ એક્શન પ્લાન બનાવ્યો છે. પશ્ચિમ રેલવેના વડા બલરામ મીણાએ મિડીયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, છેલ્લા ઘણા વખતથી ટ્રેન ઉથલાવવાના બનાવો બની રહ્યા છે. જેને લઈને રેલવે પોલીસ ખુબ ગંભીર બની છે. આવા કૃત્ય માટે હવે દેશની સુરક્ષાની બાબત ગણીને આવા કૃત્ય કરનાર સામે એનઆઈએ એક્ટ હેઠળ કાર્યવાહી કરાશે અને તેની તપાસ પણ એનઆઈએ કરશે. જેમ કોઈપણ હવાઈ



મુસાફરી દરમિયાન જ્યારે કોઈ મુસાફર દેશની સુરક્ષાને ખતરો હોય તેવું કૃત્ય કરે ત્યારે તેને હવાઈ મુસાફરી માટે પ્રતિબંધીત કરી દેવામાં આવે છે. ત્યારે હવે રેલવેમાં પણ રેલવે પ્રોપર્ટીને નુક્શાન કરવા બદલ કડક કાર્યવાહી કરવામાં આવશે.

રેલવેમાં ટ્રેન ઉપર પથ્થરમારો અને ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવાના બનાવોમાં હવે આવા બનાવો પાછળ જે કોઈ વ્યક્તિ હશે તેને પકડવા માટે પણ રેલવે પોલીસે ખાસ એક્શન પ્લાન બનાવ્યો છે. ચેલેન્જરૂપ આવા બનાવોમાં આધુનિક ટેકનેલોજીનો મહત્તમ ઉપયોગ તેમજ સ્થાનિક બાતમીદારોની મદદથી આવુ કૃત્ય કરનારને રેલવે પોલીસ ઝડપથી પકડી લેશે. આવા બનાવો બને છે ત્યારે મોટાભાગે સીસીટીવી ફૂટેજ કે, કોઈ માહિતી પોલીસ પાસે હોતી નથી. ત્યારે રેલવે પોલીસ દ્વારા હવે રેલવે કર્મચારીઓ, આર.પી.એફ અને સ્થાનિકોની મદદથી આવા કૃત્ય કરનારને પકડવા ખાસ ઓપરેશન શરૂ કર્યુ છે. જે કોઈ વિસ્તારમાં કોઈ શકમંદોની અવર જવર હશે તે વિસ્તારના સ્થાનિકો પોલીસ દ્વારા બનાવાયેલા વોટ્સએપ ગ્રુપમાં તેની જાણ કરશે એટલે પોલીસ તરત જ ત્યાં પહોંચીને તપાસ કરશે રેલવેની ટ્રેનો ઉપર પત્થરમારો કરનાર પથ્થરબાજોને પકડવા માટે સ્થાનિકોની મદદ લેવામાં આવશે. રેલવેના એસ.પી. બલરામ મીણાએ આજે રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનની વિઝિટ કરી હતી. ત્યારે રેલવે પોલીસના પીએસઆઈ હિતુભા રાણા, જયુભા પરમાર તથા રેલવે સ્ટાફના જયવીરસિંહ સહિતના રાજકોટ રેલવે ડિવિઝનના જીઆરપીના તમામ પીએસઆઈ સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

### ટ્રેનમાંથી ચોરાયેલ મોબાઈલનો કોઈ ઉપયોગ કરી શકશે નહીં

ટ્રેનમાં મુસાફરોના મોબાઈલ ચોરી થતાં હોય છે. ત્યારે હવે રેલવેમાંથી ચોરાયેલા આવા મોબાઈલ અન્ય કોઈ ઉપયોગ ન કરી શકે તે માટે રેલવે પોલીસ દ્વારા ખાસ સોફ્ટવેર બનાવવામાં આવ્યો છે. સીઈઆઈઆર નામના આ સોફ્ટવેરમાં ચોરાયેલા મોબાઈલના ડેટા અપલોડ કરવાની સાથે જ આ મોબાઈલ બ્લોક થઈ જાય છે અને કોઈ પણ સીમકાર્ડ આ મોબાઈલમાં એક્ટિવ થઈ શકતુ નથી. ત્યાર બાદ ચોરાયેલા મોબાઈલનું લોકેશન ટ્રેસ કરીને આવા મોબાઈલ રિકવર કરવામાં આવેછે. અને રેલવે પોલીસ દ્વારા ચોરાયેલા મોબાઈલ મુસાફરોને પરત આપવામાં આવે છે.

### રેલવેમાં કામ કરતા મજૂરો માટે હવે અન્ય રાજ્યોનું વેરિફિકેશન ફરજિયાત

રેલવેમાં કોન્ટ્રાક્ટરોને ત્યાં કામ કરતા મજુરો મોટાભાગે પરપ્રાંતિય હોય છે. ત્યારે આવા પરપ્રાંતિય મજુરોના વેરીફીકેશન માટે સ્થાનિક પોલીસ સ્ટેશન ઉપરાંત તે જે રાજ્યના હોય તે રાજ્યના સ્થાનિક પોલીસ સ્ટેશનનું વેરિફીકેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જેથી કરીને ભૂતકાળમાં બનેલા બનાવોમાં ગુનો કરીને ભાગી જતાં આવા પરપ્રાંતિય મજુરોની તુરંત ઓળખ કરી શકાય તેના કારણે રેલવે પોલીસ દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## પોલીસ સ્ટેશનમાં અધિકારી સાથે વાતચીતનું રેકોર્ડિંગ કોઇ ગુનો નહીં: હાઇકોર્ટનો ચુકાદો

રાજકોટ.તા.૯

બોમ્બે હાઈકોર્ટે એક મહત્વનો ચૂકાદો આપ્યો છે જેમાં હાઈકોર્ટે કહ્યું છે કે, પોલીસ સ્ટેશનમાં અધિકારી સાથેની વાતચીતનું રેકોર્ડિંગ કરવું એ ઓફિશિયલ સિક્રેટ એક્ટ અંતર્ગત કોઈ ગુનો નથી.

બોમ્બે હાઈકોર્ટે ગયા મહિને જણાવ્યું હતું કે, પોલીસ સ્ટેશનમાં ઓડિયો રેકોર્ડ કરવાનું કાર્ય ઓફિશિયલ સિક્રેટ એક્ટ () હેઠળ ગુનો બનશે નહીં. ઔરંગાબાદમાં બેઠેલા જસ્ટિસ વિભા કંકણવાડી અને સંતોષ ચપલગાંવકરની ડિવિઝન બેન્ચે બે ભાઈઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ને રદ કરી હતી.

આ બંને ભાઈઓમાંથી એક મુંબઈ પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે કામ કરે છે. તેની સામે પોલીસ અધિકારી સાથેની વાતચીત રેકોર્ડ કરવા બદલ ઓફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ અહેમદનગરના પાથર્ડી




પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવ્યો છે.

બેન્ચે નોંધ્યું હતું કે, ૧૯ જુલાઈ ૨૦૨૨ના રોજ નોંધવામાં આવેલી માં કથિત આખો એપિસોડ પોલીસ સ્ટેશનમાં બન્યો હતો અને પોલીસે ઓફિશિયલ સિક્રેટ એક્ટ ૧૯૨૩નો ઉપયોગ કર્યો હતો.

જજીસે ૨૩ સપ્ટેમ્બરે નોંધ્યું હતું કે, ઓફિશિયલ સિક્રેટ એક્ટની કલમ ૨ (૮) પ્રતિબંધિત સ્થળ શું છે તેને વ્યાખ્યાયિત કરે છે. પોલીસ સ્ટેશનનો આ વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો નથી. ઓફિશિયલ સિક્રેટ એક્ટ ૧૯૨૩ની કલમ ૩ જાસૂસી માટે દંડ સાથે સંબંધિત છે.

## ગુજરાતમાં કારનું વેચાણ ૨૯ ટકા અને ટુ - વ્હીલરનું વેચાણ ૩૫.૮ ટકા ઘટ્યું

### ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડિલર્સ એસોસિએશન અનુસાર શ્રાધ્ધ અને ભારે વરસાદનાં કારણે આ ઘટાડો થયો

અમદાવાદ.તા.૮

શ્રાધ્ધ અને ભારે વરસાદને કારણે સપ્ટેમ્બરમાં ગુજરાતમાં વાહનોનું વેચાણ બંધ રહ્યું હતું. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશનના ડેટા અનુસાર, ૨૬,૩૧૩ કારનાં એકમોનું વેચાણ થયું હતું જે ગયાં વર્ષનાં સમાન મહિનામાં ૩૭,૦૮૩ એકમોની સરખામણીએ ૨૯ ટકા ઘટી ગયું છે. બીજી તરફ ટુ-વ્હીલરના વેચાણમાં ૩૫.૮ ટકાનો તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો, જે ગયાં વર્ષનાં સમાન સમયગાળા દરમિયાન વેચાયેલા ૧.૨૯ લાખ એકમોની સરખામણીએ આ મહિનામાં ૮૩૯૧૨ એકમોનું વેચાણ થયું હતું.

ફેડા ગુજરાતનાં ચેરમેન પ્રણવ શાહે જણાવ્યું હતું કે વેચાણમાં ઘટાડો ઘણાં કારણોસર થયો છે. રાજ્યનાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં વિસ્તારોમાં ભારે



વરસાદને કારણે વેચાણ પર પ્રતિકૂળ અસર પડી છે. ઘણી જગ્યાએ પાણી ભરાયા હતાં. સપ્ટેમ્બરમાં શ્રાદ્ધનો સમયગાળો પણ વેચાણ માટે એક મોટો અવરોધ હતો, કારણ કે તે નવી ખરીદી માટે અશુભ સમય માનવામાં આવે છે.

શાહે વધુમાં જણાવ્યું હતું કે, ‘‘ઓગસ્ટ અને ઑક્ટોબરના તહેવારોએ સપ્ટેમ્બરમાં વેચાણમાં ઘટાડો કરવામાં ફાળો આપ્યો છે. સ્વતંત્રતા દિવસ, જન્માષ્ટમી અને રક્ષાબંધન એ ઓગસ્ટમાં વેચાણમાં વધારો કરનારા મુખ્ય પરિબળો હતા,‘‘. ગુજરાતમાં કાર અને ટુ-વ્હીલરના વેચાણમાં ઘટાડાના દર સમગ્ર ભારત કરતાં વધુ છે. સમગ્ર દેશમાં ટુ-વ્હીલરનું વેચાણ ૮.૫ ટકા ઘટ્યું હતું, જ્યારે આ સમયગાળા દરમિયાન કારનું વેચાણ ૧૮.૮૧ ટકા ઘટ્યું હતું.

એક વરિષ્ઠ આરટીઓ અધિકારીએ એ પણ સમજાવ્યું કે શ્રાધ્ધના સમયગાળામાં કેટલાક કાર અને ટુ-વ્હીલર ખરીદનારાઓએ ઑક્ટોબરની ખરીદી માટે અગાઉથી બુકિંગ કરાવ્યું હતું, જ્યારે અન્ય લોકોએ અશુભ અવધિને ટાળીને ઑગસ્ટમાં જ વાહનો ખરીદ્યા હતા. આને કારણે, નવાં વાહનોની નોંધણી મહિના દરમિયાન પ્રમાણમાં ઓછી થઈ છે,

ફેડાના અધિકારીઓના જણાવ્યાં અનુસાર જો તહેવારોના સમયગાળા દરમિયાન વેચાણમાં વધારો ન થાય તો ભારે ડિસ્કાઉન્ટ અને ઑફર્સ ડીલરની નફાકારકતાને અસર કરી શકે છે.

# ડિમોલીશનમાં છાશ ફૂંકી ફૂંકીને પીતી મનપાની ટીપી શાખા

## ભીડવાળી કોમર્શિયલ જગ્યામાં નિયમભંગ સામે પગલાને અગ્રતા બે વર્ષની નોટીસના અભ્યાસ છતાં અંતિમ હુકમવાળી અનેક મિલ્કતમાં શોરૂમ ખુલી ગયાની ફરિયાદો

રાજકોટ, તા. ૮

રાજકોટમાં છેલ્લા થોડા દિવસોથી ડે.કમિશ્નરો અને સીટી ઇજનેરોના માર્ગદર્શન હેઠળ ટીપી શાખા દ્વારા ગેરકાયદે બાંધકામો હટાવવા મીની ડિમોલીશન શરૂ થયા છે. જેમાં છેલ્લા વર્ષોની કલમ ૨૬૦-૨ હેઠળની નોટીસનો ઉંડો અભ્યાસ કરીને, પ્રાથમિકતા મુજબ કામ ચાલી રહ્યાનું કમિશ્નરે જણાવ્યું છે. જયાં વધુ લોકોની અવરજવર હોય તેવા કોમર્શિયલ બિલ્ડીંગ, નિયમોનું મોટુ વાયોલેશન થયું હોય તેવા કેસને અગ્રતા અપાઇ રહી છે. તો અધિકારીઓ બાંધકામમાં નિયમ ભંગની ગંભીરતા ચકાસીને કામ કરી રહ્યા છે. રાજકોટમાં છેલ્લા સમયમાં ખડકાયેલા ગેરકાયદે અનેક બાંધકામોને કલમ ૨૬૦-૨ મુજબ નોટીસ અપાઇ હોય અને માત્ર સ્મૃતિ પત્ર આપવા સિવાય કોઇ કાર્યવાહી થઇ ન હોય તેવા કેસ ટીપી શાખાએ હાથ પર લીધા છે. ખાસ કરીને પૂર્વ ટીપીઓના કાર્યકાળમાં ચાલેલા નોટીસના માત્ર કાગળ પરના ઘટનાક્રમ ઉપર ફોકસ કરાયું છે. ત્રણેય ઝોનમાં આ પ્રકારના બાંધકામોની યાદી તૈયાર કરી પ્રથમ કોમર્શીયલ ગેરકાયદેસર બાંધકામો કે જ્યાં વધુ ભીડ એકથી થતી હોય ત્યાં ઝડપથી ડિમોલેશન કરવાની સૂચના આપવામાં આવી છે. તેમજ નોટીસનો જવાબ આવી ગયેલ હોય તેવા બાંધકામોનું પણ રિચેકીંગ કરવાના આદેશ કરવામાં આવ્યા છે.

કમિશનર દેવાંગ દેસાઈએ જણાવ્યું હતું કે ગેરકાયદેસર બાંધકામો વિરુદ્ધ ટીપી વિભાગ દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. હાલમાં ચાલુ રહેલા આવા બાંધકામોને પ્રથમ ૨૬૦/૧ નોટીસ આપવામાં આવી છે. તેમજ આ નોટીસ આપ્યા બાદ સંતોષ જનક જવાબ ન આવ્યો હોય અને નિયમ વિરુદ્ધ બાંધકામ હોય તેવા ગેરકાયદેસર બાંધકામોને ૨૬૦/૨ની નોટીસ આપવાનું કામ ચાલુ છે. પરંતુ છેલ્લા બે વર્ષ દરમિયાન ૨૬૦/૨ની નોટીસ અપાઈ ગઈ હોય અને આ બાંધકામ વિરુદ્ધ કોઈ જાતની કાર્યવાહી આજ સુધી કરવામાં ન આવી હોય તેવા ગેરકાયદેસર બાધકામોનું લીસ્ટ તૈયાર કરવા માટે ઝોનવાઈઝ સુચના આપવામાં આવી છે. જેમાં મોલ તેમજ કોમર્શીયલ બિલ્ડીંગો કે જ્યાં વધુ માત્રામાં ઓફિસો તેમજ દુકાનો હોય અને વધુ લોકો એકઠા થતાં હોય તેવા બાંધકામો વિરુદ્ધ પ્રથમ કાર્યવાહી કરવામાં આવશે.

# શાપરમાં ગરબી મંડળ આસપાસ દારૂ ઢીંચીને ફરતા બે શખ્સને શી ટીમે દબોચી લીધા



## ■ ચણીયાચોળી ટ્રેડીશ્નલ ડ્રેસમાં શી ટીમે વોચ ગોઠવી હતી

શાપર તા.૯

હાલ નવરાત્રીનો પર્વ ચાલી રહ્યો છે ત્યારે રોમીયોગીરી કરતા અને નશો કરી ફરતા તત્વોને ઝડપી લેવા રાજકોટ રૂરલ પોલીસ દ્વારા શી ટીમ દ્વારા વોચ ગોઠવવામાં આવી છે. ચણીયાચોલી ટ્રેડીશ્નલ ડ્રેસમાં શી ટીમના મહિલા પોલીસ કર્મી દ્વારા શાપરમાં વોચ ગોઠવાઈ હતી જયા ગરબી મંડળ આસપાસ નશો કરી ફરતા બે શખ્સને દબોચી લેવાયા હતા.

શી ટીમ વોચમાં હતી ત્યારે જ એકટીવા સ્કૂટરમાં બે શખ્સો વેરાવળ (શાપર)ની સર્વોદય સોસાયટીમાં મારૂતીનગર વિસ્તારમાં ગરબી મંડળ પાસેથી નીકળ્યા હતા. અહીં સ્કૂટર સર્પાકાર ચલાવી રોમીયોગીરી કરતા નીકળેલા બન્ને શખ્સને ઝડપી લઈ શાપર પોલીસની શી ટીમે કાયદેસર કાર્યવાહી કરી હતી. આ કામગીરી પીઆઈ આર.બી. રાણાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ ગીરીશભાઈ મકવાણા, વિરમભાઈ ભીંભાએ કરી હતી.

# કાલાવડ શહેરની તમામ ગરબી મંડળની બાળાઓને પુનમબેન માડમ તરફથી લહાણી અપાઇ




(સામના મિરર, સંવાદદાતા)

જામનગર, તા. ૯ઃ જામનગર લોકસભાના આદરણીય સાંસદ પૂનમબેન માડમ દ્વારા કાલાવડ શહેરની તમામ ગરબી મંડળની ૧૪૦૦થી વધુ બાળાઓને સ્કુલ બેગની લહાણીનું વિતરણ કરવામાં આવેલ.આ કાર્યક્રમમાં કાલાવડ શહેર ભાજપ પ્રમુખશ્રી હસમુખભાઈ વોરા,કાલાવડ શહેર મહામંત્રી મહેશભાઈ સાવલીયા, વિનુભાઈ રાખોલીયા, હિનાબેન રાખોલીયા,ભરતભાઇ ધમ્મર, નરેશભાઈ ધમ્મર, સુરેશભાઈ શુક્લ, કિશોરભાઈ નિમાવત, ભારતીબેન રામાવત વગેરે આગેવાનો હાજર રહ્યા હતા. અને આગેવાનો તેમજ ગરબીના મંડળના સંચાલકો દ્વારા બાળાઓને લહાણી વિતરણ કરવામાં આવી હતી.

# આણંદપર કુમાર શાળાના શિક્ષક પાલાભાઈ ચોચાને 'શિક્ષણ સેવા રત્ન એવોર્ડ-૨૦૨૪'

(સામના મિરર, સંવાદદાતા)

જામનગર, તા. ૯ઃ બાલ રક્ષક પ્રતિષ્ઠાન સંસ્થા ઇન્ડિયા દ્વારા ગાંધીનગર મુકામે ગુજરાત માંથી શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શિક્ષકોને સન્માનિત કરવાનો કાર્યક્રમ ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઈન્ડસ્ટ્રીયલ ઝોન,સેકટર ૨૫ ખાતે યોજાયો હતો જેમાં જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાની શ્રી આણંદપર કુમાર શાળાના શિક્ષક શ્રી ચોચા પાલાભાઈ બાબુભાઈને ‘‘શિક્ષણ સેવા રત્ન એવોર્ડ ‘‘૨૦૨૪ ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબહેન પટેલ, શ્રી ગૌરાંગભાઈ વ્યાસ-સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, શ્રી એસ.જે.ડુમરાળીયા સર( સચિવ, GCERT ગાંધીનગર) શ્રી ડો. પુલકિત જોષી સર મદદનીશ સચિવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર



માધ્યમિક બોર્ડ, ગાંધીનગર (સહાયક સચિવ), શ્રી ડો. એમ.એન. પટેલ સાહેબ સંયુક્ત નિયામક પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર, ડો. નિષાદ ઓઝા સર લેક્ચરર ડાયટ રીડર, કવિ, લેખક, એન્કર, માર્ગદર્શક અને પ્રેરક પ્રવક્તા, ડો.ગુલાબચંદ પટેલ, સામાજિક કાર્યકર અને શિક્ષણશાસ્ત્રી, શ્રીમતી બીના બેહન પટેલ, ગાંધીનગર મેટ્રો ડેઇલી ન્યૂઝ પેપર, મુખ્ય સંપાદક શ્રી નિશિકાંત શર્મા, રાધેશ્યામ યાદવ રાષ્ટ્રીય સંયુક્ત સચિવ ઈન્ડિયન લાયન્સ, નરેશ વાળા, રાષ્ટ્રીય સચિવ, મનોજ ચિંચોર રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખની હાજરીમાં શિક્ષણ સેવા રત્ન એવોર્ડ ૨૦૨૪ એનાયત કરવામાં આવેલ હોય શ્રી પાલભાઈ ચોચાએ શ્રી આણંદપર કુમાર શાળા તેમજ સમગ્ર જામનગર જિલ્લાનું ગૌરવ વધારેલ હોય શાળાના આચાર્ય શ્રી આડતિયા અનસુયાબેન દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢમાં નવરાત્રી મહોત્સવના પર્વના ચોથા નોરતે ૧૧૦૦ જેટલી નાની નાની બાળાઓને ભોજન પ્રસાદ

- **માતાજી સ્વરૂપ સમાન નાની નાની બાળાઓને ગોરણીઓ કરી પગ ધોઈ પૂજન કરી ભોજન પ્રસાદ કરાવીને કટલેરીની કીટ અર્પણ કરતુ જુનાગઢનુ ગિરનારી ગ્રુપ**
- **ગિરનારી ગ્રુપની સેવા ધન્ય છે.**

**- ડો. ધર્મેશ ચૌહાણ (ગોકુલ હોસ્પિટલ)**

(સામના મિરર, સંવાદદાતા)




જૂનાગઢ, તા. ૯ઃ જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, જગત જનની ‘‘માં‘‘ જગદંબાનો નવરાત્રી મહોત્સવ નો પર્વ ચાલી રહ્યો છે ત્યારે ચોથા નોરતે ઝાંઝરડા ચોકડીએ આવેલ જલારામ ભક્તિ ધામ ખાતે જુનાગઢ શહેરના જુદા જુદા વિસ્તારો જેવા કે દોલતરા, ખામધ્રોળ, જોશીપુરા, જનકપુરી સોસાયટી, અગ્રાવત ચોક, મુબારક બાગ, વાલ્મિકી સમાજ, રાજલ વિઝલ ગરબી સહિત ડુંગરપુર, સોડવદર ગામડાઓમાં થતી શેરી ગરબીઓની અંદાજિત ૧૧૦૦ જેટલી નાની નાની બાળાઓ, દિવ્યાંગ સેવા સંસ્થાના પ્રજ્ઞાચક્ષુ સહિતનાઓને ગોરણીઓ કરી તેમના પગ ધોઈ ચાંદલો કરી કંકુ,ચોખા લગાડી પૂજન અર્ચન કરીને ભોજન પ્રસાદ કરાવીને કટલેરીની કીટ આપવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં જલારામ ભક્તિ ધામના ટ્રસ્ટી શ્રીઓશ્રી પ્રો.પી.બી.ઉનડકટ, પ્રવીણભાઈ પોપટ, જતીનભાઈ કારીયા, મુકેશભાઈ કારીયા,તથા જગદીશભાઈ દતાણી, જોષીપુરા વિસ્તારના મનુભાઈ મોકરીયા, ધનજીભાઈ લુણાગરિયા, વજુભાઈ દુધાત્રા, સંજયભાઈ વાઢેર, મોહનભાઈ ચુડાસમા, સુરેશભાઈ વાઢીયા, સુભભાઈ વાઢીયા, વાઘમશીભાઈ, દીપલભાઈ રૂપારેલીયા, જનકભાઈ ટીલાવત સહિતના લોકોએ હાજરી આપેલ હતી. આ મહોત્સવને સફળ બનાવવા માટે ગિરનારી ગ્રુપના સભ્યશ્રીઓની જુદી જુદી ટીમ બનાવીને કામગીરી વહેંચણી કરવામાં આવી હતી.

જેમાં સમીરભાઈ દવે, શૈલેષભાઈ દવે, કિર્તીભાઈ પોપટ, દિનેશભાઈ રામાણી, દેવાંગભાઈ પંડ્યા, લલીતભાઈ ગેરીયા, અક્ષિતભાઈ કુબાવત, સમીરભાઈ ઉનડકટ, ઋતિકભાઈ ગજ્જર, સુધીરભાઈ રાજા, મનીષભાઈ રાજા, ભરતભાઈ ભાટીયા, રાહુલભાઈ ભટ્ટ, ભાર્ગવભાઈ દેવમુદારી, કિરીટભાઈ તન્ના, યાત્રિકભાઈ ભટ્ટ, મૌલિકભાઈ ભટ્ટ, વિશાલભાઈ અભાણી,હાર્દિકભાઈ ઠાકર, હરિભાઈ કારીયા, કિશોરભાઈ પટોડીયા, ભાવેશભાઈ જેઠવા, લક્ષ્મણભાઈ સેવરા, કલ્પેશભાઈ રૂપાપરા, સંજયભાઈ સોલંકી, નેહલભાઈ પોપટ, પ્રશાંતભાઈ તોલાણી ભાવિનભાઈ ચિત્રોડા, પરેશભાઈ પાઠક,વિજયભાઈ જોરા, મીનટુબેન તન્ના, પરેશભાઈ સાવલિયા સહિતના લોકોએ પોતાની સેવાઓ આપેલ હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.



દર વર્ષે નવરાત્રીમાં યોજાતી ભાયાવદરથી સીદસર પાટીદાર સાયકલ યાત્રા આ વખતે પણ યોજાઈ હતી.

## ધારી ગીર પૂર્વ ખાતે વન્યપ્રાણી સપ્તાહની કરાઈ ઉજવણી




વન્યપ્રાણીઓ બચાવવા ધારી વનવિભાગ દ્વારા કરાઈ ઉજવણી હતી. વન્યજીવોના સંવર્ધન અને સંરક્ષણ બાબતે લોક જાગૃતિનો સંદેશ આપ્યો હતો. વિદ્યાર્થીઓને સિંહ દીપડાની વિડીયોગ્રાફી બતાવીને વન્યજીવો બચાવવાની વનતંત્રની અપીલ ધારી સરસીયા રેન્જ દ્વારા કેસરી સદન લાઈનપરા ખાતે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરાઈ હતી.

## યાત્રાધામ વીરપુરમાં રાધેશ્યામ ગરીબી મંડળની બાળાઓની માઁ જગદંબાની આરાધના



વિરપુર, તા. ૯ઃ જગત જનની માં આદ્યશક્તિની આરાધનાનું પર્વ એટલે નવલી નવરાત્રી નાના મોટા સૌ કોઈ માં જગદંબાની ભક્તિમાં લીન થયા છે ત્યારે મોટા શહેરોથી લઈને નાના ગામડાઓમાં પણ નવદુર્ગાના નવલા નોરતાનો રંગ જામ્યો છે ખાસ કરીને યાત્રાધામ વીરપુરમાં પ્રાચીન ગરબીઓનું અનેરું મહત્વ છે ત્યારે વીરપુરના ભાડવાડી વિસ્તારમાં રાધેશ્યામ ગરબી મંડળની નાની નાની બાળાઓ પોતાના હાથમાં પૂજાની થાળી લઈને માં જગદંબાની આરાધના કરવા ગરબે ઘૂમી રહીં છે ત્યારે જાણે માં જગદંબા ખુદ કુમકુમ પગલે ધરતી ઉપર આવીને ગરબે રમવા ઉતરી આવ્યા હોય તેવું દૃશ્ય નજરે પડે છે.

# મોરબી રોડ પર ટ્રકે સ્કૂટરને ઠોકરે લેતા કર્ણાવતી સ્કૂલના શિક્ષિકાનું મૃત્યુ

- **સ્કૂલેથી છૂટી ઘેર જતા હતા, અકસ્માત બાદ ટ્રક મૂકી નાસી જનાર ચાલકની શોધખોળ શરૂ**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૯ઃ શહેરમાં માતેલા સાંઢની મારફતે દોડતા ભારે વાહનો અવાર-નવાર લોકોની જિંદગીને રોળી નાખતા હોય છે. આવો જ વધુ એક બનાવ બન્યો હતો. જેમાં મોરબી રોડ પર જૂના જકાતનાકા પાસે પૂરઝડપે દોડતી ટ્રકે એક્ટિવાને ઠોકરે લેતા શિક્ષિકાનું



ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવને પગલે પોલીસે તપાસ કરતા અકસ્માત બાદ ટ્રક મૂકી નાસી જનાર ચાલક સામે ગુનો નોંધવાની અને આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મોરબી રોડ પર જૂના જકાતનાકા પાસે ડ્રીમલેન્ડ એપાર્ટમેન્ટમાં રહેતા સ્નેહલબેન બ્રિજેશકુમાર પોપટ (ઉ.૪૨) તેનું એક્ટિવા લઈને જતા હતા ત્યારે મોરબી રોડ પર જૂના જકાતનાકા પાસે બેકાબૂ ટ્રકે ઠોકરે લેતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવને પગલે બી-ડિવિઝન પોલીસ મથકના જમાદાર હિતેશભાઈ કોઠીવાડ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં મૃતક સ્નેહલબેન રેલનગર ખાતે આવેલ કર્ણાવતી સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતા હતા અને તેના પતિ અનાજ કરિયાણાનો છૂટક વેપાર કરે છે અને તેને સંતાનમાં એક પુત્ર હોવાનું પરિવારે જણાવ્યું હતું. પોલીસની વધુ પૂછતાછ કરતા શિક્ષિકા સ્કૂલેથી નોકરી પૂરી કરી ઘેર આવતા હતા અને પેટ્રોલ પૂરાવા માટે જૂના જકાતનાકા પાસે ગયા હતા અને પેટ્રોલ પૂરાવી રોડ પર ચડતાં જ પાછળથી આવતી ટ્રકે ઠોકરે લીધા હતા.

બનાવને પગલે પોલીસે અકસ્માતના બનાવમાં મૃતક શિક્ષિકાના પરિવારની ફરિયાદ નોંધવાની તેમજ ટ્રક મૂકી નાસી જનાર ચાલકને પકડી લેવા મથામણ કરી હતી.

# જૈન વિઝન- નવનાતના ગરબામાં ગલગોટો, કપડા મેચિંગ અને મેલડી માની ધૂમ

- **અનેક મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિએ કાર્યક્રમનો શોભા વધારી**
- **શક્તિ અને ભક્તિના સંગમથી વાતાવરણ ભક્તિમય**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૯ઃ જૈન વિઝન અને વિશ્વ વણીક સામાજિક સંગઠન દ્વારા આયોજિત સોનમ નવનાત રાસોત્સવમાં પાંચમાં નોરતે ગલગોટો, કપડા મેચિંગ અને મેલડી મા ની ધૂમ સાંભળવા મળી હતી. સિંગરોએ રજુ કરેલા આ પ્રચલિત ગરબાના તાલે ખેલૈયાઓ ખુબ જોશભેર રમ્યા હતા. આ રાસોત્સવમાં ખેલૈયાઓના જોશ અને સિંગરોની કલા વચ્ચે જાણે કે સ્પર્ધા થતી હોય તેવો માહોલ ઉભો થાય છે. અહી માતાજીની આરતી બાદ જયારે ખેલૈયાઓ ગરબે ઘૂમવાનું શરૂ કરે છે ત્યારે વાતાવરણમાં પવિત્રતા અનુભવાય છે. કદાચ એટલે જ આ ગરબાને લોકો પસંદ કરી રહ્યા છે.

આ રાસોત્સવમાં પાંચમાં નોરતે સિંગરોએ પ્રાચીન અને અર્વાચીન એમ બંને ગરબાઓ રજૂ કરી ખેલૈયાઓને જોશભેર થીરકવા માટે મજબૂર કરી દીધા





હતા. આ રાસોત્સવ માણવા માટે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, શ્રીમતી કાશ્મીરાબેન દોશી પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, મોર્ડન ગ્રુપના મુકેશભાઈ દોશી, વૈશાલીબેન દોશી, કોર્પોરેટર જીતુભાઈ કાટોડિયા, હિરેનભાઈ સાપરીયા, પાર્થભાઈ મોઝરીયા, ધોળ એડવોકેટ જૈન અગ્રણી વિશ્વશભાઈ મેહતા,એંજલ પમ્પના કિરીટભાઈ આદ્રોજા, દીકરાના ઘરના સુનિલભાઈ વોરા પે ટચના કિશનભાઈ ગજેરા, કે પી હરણ, શિવસેનાના જીમિભાઈ અડવાણી ,સોની સમાજ અગ્રણી અરવિંદભાઈ પાટડીયા, મેહુલભાઈ ભગત, ઉત્સવ ગ્રુપના દિનેશભાઈ વિરાણી, જયશ્રીબેન વિરાણી, ભાજપ અગ્રણી રમાબેન હેરભા, પૂજા હોબી સેન્ટરના પુષ્પાબેન રાઠોડ, મડિયા સેલના અરૂણભાઈ નિર્મળ, સુરેશભાઈ પરમાર ગુણવંતભાઈ ભટ્ટ, ભક્તિબેન પોપટ ભટુસ નેઈલ આર્ટ, મણિભદ્ર સિલેક્શન ના કલ્પેશભાઈ દોશી ,મયુરસિંહ જાડેજા ઢોલેરા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પાંચમાં નોરતે વેલડ્રેસમાં વિવેક વોરા અને માન્યા ધ્રુવ, સીનીયર પ્રિન્સમાં પ્રથમ મહેતા અને નિશાંત વોરા, કિડ્સ વેલ ડ્રેસમાં વોરા સિયા, વેલડ્રેસ સીનીયર પ્રિન્સેસમાં નેહલ ખીલોસિયા, હેતવી ચાપનેરિયા, કિડ્સ પ્રિન્સેસમાં દોશી દિયા અને મોદી ધાર્મી, તથા સીનીયર પ્રિન્સેસમાં પ્રીશા વખારિયા, વર્ષીન દેલવાડીયા અને પરિતા શેઠ વગેરે વિજેતા થયા હતા. આ ગરબાને સફળ બનાવવા માટે ટીમ જૈન વિઝનનાં સંયોજક મિલન કોઠારી અને વિશ્વ વણિક સામાજિક સંગઠનનાં પ્રોજેક્ટ ચેરમેન સી.એમ.શેઠ જયેશ શાહ, સુનીલ શાહ, ભરત દોશી, અજીત જૈન, ગીરીશ મહેતા, મિતુલ વસા, સુનીલ કોઠારી, અખિલ શાહ, નીરવ મહેતા, હિમાંશુ પારેખ, જસ્મીન ધોળકિયા, હિતેશ દેસાઈ, આશિષ શાહ, આશિષ દોશી, નીલેશ તુરખીયા, યોગેશ શાહ, અમિત કોરડીયા, નિર્મલ શાહ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# હિલટોન બેલેવ્યુના તમામ ફ્લેટની બાલ્કની ગેરકાયદે, ડિમોલિશન થશે

## શુભ કન્સ્ટ્રક્શનના માલિક લાલકિયાનું રૂ. ૮.૭૬ કરોડનું કૌભાંડ

### ૫૬ ફ્લેટમાં વોશ એરિયાના નામે ૨૫ ચોરસ મીટરની જગ્યા ગેરકાયદે વધારી ગ્રાહકો પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવ્યા




(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૯: રાજકોટ મહાનગરપાલિકામાં બિલ્ડર, ભૂમાફિયા અને સાગઠિયાની ત્રિપુટીએ અનેક કૌભાંડો આચર્યા છે. આ પૈકી મવડીના નવા રિંગ રોડ પર એક બે નહિ ૫૬-૫૬ ફ્લેટમાં ગેરકાયદે બાંધકામ થઈ ગયા અને શુભ કન્સ્ટ્રક્શન નામના બિલ્ડરે તે વધારાના બાંધકામ ગ્રાહકોથી છુપાવી ફ્લેટ વેચી માર્યા છે. આ મામલે સેટિંગ કરવા માટે નોટિસ પણ અપાઈ હતી પછી મામલો દબાવી દેવાયો હતો.

મવડી વિસ્તારમાં નવા રિંગ રોડ પાસે હિલટોન બેલેવ્યુ નામની હાઈરાઈઝ સોસાયટી છે. આ સોસાયટીમાં ૧૪ માળની ચાર વિંગ છે. એક માળમાં બે ફ્લેટ બનાવાયા છે. આ સ્કીમ શુભ કન્સ્ટ્રક્શન કંપની હતી જેના સંચાલક દિપાલીબેન રેનિશભાઈ લાલકિયા તથા અન્ય પાર્ટનર છે. આ સ્કીમમાં લોકો રહેવા ગયા છે અને તે લોકો પણ અજાણ છે કે ૦૩-૦૮-૨૦૨૩ના રોજ ચાર વિંગ પૈકી બે વિંગને ૨૬૦(૨) એટલે ગેરકાયદે બાંધકામ હટાવવાની આખરી નોટિસ તત્કાલીન ઈન્ચાર્જ ટી.પી.ઓ. મનસુખ સાગઠિયાએ આપી હતી. દરેક ફ્લેટમાં વોશ એરિયાના નામે અઢી મીટર બહાર છજું કાઢીને બાલ્કની બનાવાઈ છે તે ખરેખર પ્લાનમાં હતી જ નહિ. ૨૫ ચોરસ મીટરનું આ બાંધકામ ગેરકાયદે છે અને દરેક ફ્લેટમાં આ વોશ એરિયા છે. આ સ્થળે પ્રતિ ચોરસ ફૂટનો ભાવ ૫૮૦૦ રૂપિયા છે તે રીતે જોતા બિલ્ડરે ગેરકાયદે બાંધકામ કરીને પ્રત્યેક ફ્લેટધારક પાસેથી વોશ એરિયાને કાર્પેટમાં ગણાવી તેટલા જ ભાગના ૧૫.૬૦ લાખ રૂપિયા વધારે મેળવ્યા છે. બે વિંગમાં ફ્લેટની સંખ્યા ૫૬ હોવાથી કુલ આંક ૮.૭૬ કરોડ રૂપિયાનો થાય છે. બિલ્ડરે આ રીતે તંત્રના ટી.પી.ના નિયમો અને ગ્રાહકો બંનેને અંધારામાં રાખી કાળી કમાણી કરી લીધી હતી.

નોટિસ આપ્યા બાદ સમગ્ર ઘટના ટી.પી. શાખામાં આવી હતી જોકે ત્યારબાદ જે રીતે ટીઆરપી અગ્નિકાંડની નોટિસ ફાઈલમાં રાખી મુકાઈ હતી અને વહીવટ થઈ ગયો હતો તે જ રીતે આ પ્રકરણમાં પણ એવું જ બન્યું છે. એક સપ્તાહમાં બાંધકામ દૂર કરવાની આખરી નોટિસ ૨૩ ઓગસ્ટ ૨૦૨૩માં અપાઈ હતી પણ ૧૩ મહિનાથી કશી જ કાર્યવાહી ન કરાઈ. નોટિસ આપ્યા બાદ સેટિંગ કરાયું છે કે સેટિંગ કરવા માટે જ નોટિસ ફટકારાઈ હતી પણ હકીકત એ છે કે બિલ્ડરના બધા ફ્લેટ વેચાઈ જાય તેની રાહ જોવાઈ છે. જોકે ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે કડક સૂચના હોવાથી આ પ્રકરણનો પર્દાફાશ થતા ત્યાં પણ ગમે ત્યારે ડિમોલિશન હાથ ધરવામાં આવશે. બી.યુ. મળ્યા બાદ બિલ્ડરે લોખંડના સ્ટ્રક્ચરથી વધારાનું બાંધકામ કર્યું હતું. આ સ્કીમમાં ફ્લેટના એલિવેશન પાસે જ વોશ એરિયા છે. પ્લાનમાં આ ભાગ નથી અને કમ્પ્લીશન અને બી.યુ. વખતે જ જો બનાવાય તો તેમાં આર્કિટેક્ટની સીધી જવાબદારી બને. જેથી બિલ્ડરે સૌથી પહેલા કમ્પ્લીશન અને બી.યુ. પરમિશન મેળવી લીધી હતી. ત્યારબાદ વોશ એરિયા માટે લોખંડનું સ્ટ્રક્ચર ઊભું કરી તેના પર ટાઈલ્સ સહિતનું એલિવેશન બનાવી ગેરકાયદે બાંધકામ ખડકી દીધું હતું.

બિલ્ડરે દરેક ફ્લેટમાં વોશ એરિયાની જગ્યામાં લોખંડનું સ્ટ્રક્ચર બનાવી ગેરકાયદે બાલ્કની કરી.

# દિવાળીના તહેવાર નિમિત્તે ૧૦૦ એક્સ્ટ્રા એસટી બસો દોડશે

- **રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર જિલ્લામાંથી રોજ ૫૨૦ શેડ્યુલનું સંચાલન, અમદાવાદ, વડોદરા, સુરત, દ્વારકા, સોમનાથ રૂટ પર મુસાફરોનો ધસારો વધુ**

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા. ૯ઃ દિવાળીના તહેવારને લઈ ૨૫ ઓક્ટોબરથી રાજકોટ એસટી વિભાગ દ્વારા મુસાફરોને તેમના ગંતવ્ય સ્થળે પહોંચવા માટે ૧૦૦ એક્સ્ટ્રા બસ દોડાવવા માટેનું આયોજન કરાયું છે. જેમાં રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં આવતા ૯ ડેપો પરથી વધારાની બસો મુકવામાં આવી છે. જેમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, દ્વારકા, સોમનાથ, દાહોદ, મંડોર અને છોટાઉદેપુરની બસમાં દિવાળી દરમિયાન વધુ ટ્રાફિક રહેતો હોવાથી એક્સ્ટ્રા બસો મૂકવામાં આવશે. આ વધારાની બસોનો લાભ મુસાફરોને ૨૫ ઓક્ટોબરથી લગભગ એક માસ સુધી મળી રહેશે. જેને કારણે તેઓને ખાનગી બસોમાં વધુ નાણાં



ચૂકવી લૂંટાવવું ન પડે. જો કે, એસટી વિભાગની એક્સ્ટ્રા બસોમાં સવા ગણું ભાડું વસૂલવામાં આવે છે પરંતુ તે ખાનગી બસોના ભાડા કરતા ઘણું ઓછું હોય છે.

રાજકોટ એસટી વિભાગના વિભાગીય નિયામક જે.બી. કલોતરાએ જણાવ્યું હતું કે, ગત વર્ષે દિવાળીના તહેવારોમાં ૮૦ જેટલી વધારાની બસો દોડાવવામાં આવી હતી. ત્યારે હવે આ વર્ષે તેમાં વધારો થયો છે અને એક્સ્ટ્રા ૧૦૦ બસો દોડાવવામાં આવશે. ૨૫ ઓક્ટોબરથી લગભગ એક મહિના સુધી આ બસોનો લાભ મુસાફરોને મળી રહેશે. રાજકોટ એસટી વિભાગ દ્વારા દરરોજ ૫૨૦ જેટલા શેડ્યુલ એટ્લે કે, બસો દોડાવવામાં આવે છે. દિવાળી દરમિયાન આ શેડ્યુલમાં ૧૦૦ બસોનો વધારો કરવામા આવશે.

આ સાથે જ તેમણે જણાવ્યું હતું કે, કોઈપણ સ્થળે જવા માટે ૫૨ ૫૨ કે તેથી વધુ મુસાફરોને એકસાથે બસની જરૂરિયાત હોય તો તેમના ઉપડવાના સ્થળેથી પહોચવાના સ્થળ સુધી એડવાન્સ ગ્રુપ બુકિંગની સુવિધા જે તે ડેપો કક્ષાએ ઉપલબ્ધ છે. તેના માટે સ્થાનિક ડેપો મેનેજરનો સંપર્ક કરવાનો રહેશે. એટલે કહી શકાય કે, રાજકોટ એસટી વિભાગ દ્વારા દિવાળીના તહેવારોમાં મુસાફરોને ખાનગી બસોમાં વધુ નાણાં ચૂકવી લૂંટાવવું ન પડે તે માટે વધુ એક્સ્ટ્રા બસો મૂકવામાં આવશે.

**એક્સ્ટ્રા અને સંચાલનનો રૂટ**

રાજકોટથી ૨૦ એક્સ્ટ્રા બસ જેમાં અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, દ્વારકા, ભુજ, જુનાગઢ, સોમનાથ, ભાવનગર, અમરેલી, મહુવા, ઉના, દાહોદ, ઝાલોદ, મંડોર, છોટાઉદેપુર

ગોંડલથી ૧૫ એક્સ્ટ્રા બસ જમાં રાજકોટ, જુનાગઢ,સોમનાથ, અમદાવાદ, દાહોદ, ઝાલોદ, મંડોર, છોટાઉદેપુર

જસદણથી ૧૦ એક્સ્ટ્રા બસ જેમાં રાજકોટ,અમદાવાદ,દાહોદ, ઝાલોદ, મંડોર,છોટાઉદેપુર

સુરેન્દ્રનગરથી ૧૫ એક્સ્ટ્રા બસ જેમાં અમદાવાદ, રાજકોટ, દાહોદ, ઝાલોદ,મંડોર, છોટાઉદેપુર

લીંબડીથી ૮ એક્સ્ટ્રા બસ જેમાં અમદાવાદ, રાજકોટ, દાહોદ, ઝાલોદ, મંડોર, છોટાઉદેપુર

ધ્રાંગધ્રાથી ૮ એક્સ્ટ્રા બસ જેમાં હળવદ, કવાંટ, દાહોદ, ઝાલોદ

ચોટીલાથી ૪ એક્સ્ટ્રા બસ જેમાં રાજકોટ, અમદાવાદ,દાહોદ, ઝાલોદ, મંડોર, છોટાઉદેપુર

મોરબીથી ૧૦ એક્સ્ટ્રા બસ જેમાં

# હરિયાણામાં ભાજપની જીતમાં ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા સામેલ

**(સામના મિરર, સંવાદદાતા)**

હરિયાણામાં ગત મંગળવારે ભાજપએ વિધાનસભાની ચૂંટણીમાં જબરજસ્ત જીત મેળવી હેટ્રિક નોંધાવતા ગુજરાત ભાજપમાં ભારે ખુશીની લહેર દોડી ગઈ છે ત્યારે મંગળવારે ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલએ પ્રદેશ કમલમ ખાતે ખાસ જલેબી તળી ઊપસ્થિત મહાનુભવોના મીઠાં મો કરાવ્યાં જેમાં મહત્વની ઉપસ્થિતી જસદણના પુર્વ ધારાસભ્ય અને ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા ખાસ હાજર રહી આ જીતને વધાવી હતી. અત્રે નોંધનીય છે કે ગત રાત્રિના દિલ્હી ભાજપના હેડ ક્વાર્ટર પરથી દેશના



અહેવાલ : હુસામુદ્દીન કપાસી-જસદણ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે હરિયાણાના લોકોએ કમળ કમળ કરી દીધું અને તે પૂર્વે એક્સ પર ટવિટ કરી લખ્યું કે હરિયાણાનો હદયથી આભાર ભારતીય જનતા પાર્ટીને ફરી એકવાર સ્પષ્ટ બહુમત આપવા માટે હુ હરિયાણાની જનશક્તિને નમન કરું છું આ વિકાસ અને સુશાસનના રાજકારણની જીત છે હું રાજયનાં તમામ લોકોને ખાતરી આપુ છુ કે ભાજપ તેમની આકાક્ષાઓને પુર્ણ કરવામાં કોઈ કચાશ રાખશે નહી અત્રે ઉલ્લેખનીય છે કે એક સમયે જસદણ વીંછિયા પંથકમાં ભાજપનું નામો નિશાન જેવું કંઈ હતું નહિ તે સમયે ભરતભાઈ બોઘરા વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવી આ પંથકમાં ભાજપનું ખાતું ખોલ્યું હતું ત્યારબાદ ગુજરાતનાં મુખ્યમંત્રી રહેલાં નરેન્દ્રભાઈ અનેકવાર જસદણ આવી અબજો રૂપિયાના વિકાસના કામોને ઝડપભેર વેગ આપ્યો હતો આમ જસદણ વિધાનસભા મતવિસ્તારમાં ભાજપને શિરમોર બનાવવાનો શ્રેય ડો. ભરતભાઈ બોઘરાને જાય છે.

# પ્રખ્યાત ગોરધનભાઈ અને મધુભાઈ ચેવડાવાળાને નોટિસઃ ૪ કિલો અખાદ્ય કાચા સમોસાનો નાશ

■ **રાજકોટ મનપાની ફૂડ શાખાના ચેકિંગમાં ૧૦ નમૂના લેવાયા**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૯ઃ ગાંધીનગરના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તા.૦૩ થી તા.૧૭ ઓકટોબર સુધી ફુડ સેફ્ટી પખવાડીયાની ઉજવણી કરવામાં આવી રહેલ છે. જેના ભાગરૂપે નવરાત્રિ તથા દશેરાના તહેવારોને અનુલક્ષીને અલગ-અલગ ફૂડ કેટેગરી જેવી કે મીઠાઇ, દૂધ તથા દૂધની બનાવટ, ખાદ્ય તેલ, બેકરી પ્રોડક્ટસ, ડ્રાયફ્રૂટ્સ વગેરેના ઉત્પાદક/વિક્રેતાઓને ત્યાં સઘન ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત ૧૦ નમૂના પૃથ્થકરણ માટે લેવામાં આવેલ છે. ઉપરાંત વગડ ચોક પાસેની શ્રી મારુતિ કોઠી આઇસ્ક્રીમ પેઢીની તપાસ કરતા તેમાંથી અખાદ્ય કાચા સમોસા ૪ કિલો મળી આવતા સ્થળ પર નાશ કરાયો હતો તો પ્રખ્યાત ગોરધનભાઈ અને મધુભાઈ ચેવડાવાળાને ફૂડ લાઈસન્સ લેવા માટે સૂચના આપવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શ્યામલ ઉપવન સામે, વાગડ ચોક પાસે, રાજકોટ મુકામે આવેલ શ્રી મારુતિ કોઠી આઇસ્ક્રીમ પેઢીની



તપાસ કરતા સંગ્રહ કરેલ વાસી અખાદ્ય કાચા સમોસા ૪ કિલો જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને યોગ્ય સ્ટોરેજ કરવા, હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાઈસન્સ મેળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી.

ફૂડ વિભાગની ટીમ તથા ત્રજ્જ વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સોરઠીયાવાડી સર્કલ થી આંબેડકર ગેટ સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૮ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૭ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઈવ કરવામાં આવેલ. તેમજ ખાદ્યચીજોના કુલ ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી. કિશન પ્રોવિઝન સ્ટોર, સદગુરુ સોડા શોપ, પટેલ ડેરી પ્રોડક્ટસ, ગોરધનભાઈ ગોવિંદભાઈ ચેવડાવાળા, મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા, ઘનશ્યામ પેંડાવાળા, વાડીલાલ આઉટલેટને લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી.

**૭ દુકાનોમાંથી ખાદ્ય પદાર્થના ૧૦ નમૂના લેવામાં આવ્યા**

**અંજીર રોલ (દૂધની મીઠાઈ-લુઝ)ઃ** સ્થળ- જય ધારેશ્વર ડેરી ફાર્મ, ખોડિયાર સો. મેઈન રોડ, પી-પટેલ પાન સામે, કોઠારીયા રોડ, રાજકોટ

**મીઠો માવો (લુઝ)ઃ** સ્થળ- શ્રધ્ધા ગુલાબ જાંબુ, સાઈ કૃપા,શિવ હોટેલ પાસે, મહાદેવ વાડી મેઈન રોડ, બરફના કારખાના પાસે, રાજકોટ

**મોળો માવો (લુઝ)ઃ** સ્થળ- શ્રધ્ધા ગુલાબ જાંબુ, સાઈ કૃપા,શિવ હોટેલ પાસે, મહાદેવ વાડી મેઈન રોડ, બરફના કારખાના પાસે, રાજકોટ

**મીઠો માવો (લુઝ)ઃ** સ્થળ- જય સિતારામ ડેરી ફાર્મ, મહાદેવ વાડી મેઈન રોડ, અમૂત ગીચરની સામે,રાજકોટ

**ખજૂર બરફી (લુઝ)ઃ** સ્થળ- જય સિતારામ ડેરી ફાર્મ, મહાદેવ વાડી મેઈન રોડ, અમૂત ગીચરની સામે, રાજકોટ

**મીઠો માવો (લુઝ)ઃ** સ્થળ- શ્રી પટેલ સ્વીટ્સ, દર્શન મવડી પ્લોટ-૪, ગુજરાત વાયર પાસે, રાજકોટ

**માવો (લુઝ)ઃ** સ્થળ- શ્રી પટેલ સ્વીટ્સ, દર્શન મવડી પ્લોટ-૪, ગુજરાત વાયર પાસે, રાજકોટ

**મોદક લાડુ (લુઝ)ઃ** સ્થળ- વિકાસ ડેરી ફાર્મ, ૮૦ ફિટ રોડ, કોઠારીયા કોલોની, ક્વાટર નં-૧૪૭, રાજકોટ.

**મોદક લાડુ (લુઝ)ઃ** સ્થળ- શ્રી સીતારામ વિજય પટેલ આઇસક્રીમ ડેરી ફાર્મ, બોલબાલા માર્ગ, ૪/૧૦ વાણિયા વાડી, ગાયત્રી નગર, રાજકોટ.

**મોદક લાડુ (લુઝ)ઃ** સ્થળ- શ્રી પટેલ બેકરી ડેરી કેક શોપ, બોલબાલા માર્ગ, ૪/૧૦ વાણિયા વાડી, માસ્ટર સોસાયટી, રાજકોટ.

## રાજુભાઈ રામોલીયાના જન્મદિને સાંસદ પૂનમબેન માડમે શુભેચ્છા પાઠવી

(સામના મિરર, સંવાદદાતા)

કાલાવડ, તા. ૯ઃ કાલાવડ તાલુકાના પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકાર અને સામાજિક તેમજ રાજકીય છેત્રે મોટું નામ ધરાવનાર કાલાવડ તાલુકાના લેઉવા પટેલ સમાજના યુવા ધરોહર ,જાંબાઝ, નીડર,નિષ્ઠાવાન,નિષ્પક્ષ તાલુકાની પ્રજાના તમામ પ્રશ્નોને વાચા આપી સરકાર સુધી પહોંચાડી પ્રશ્નોનું નિરાકરણ કરાવનાર બાહોશ અને બહોળું મિત્ર વર્તુળ ધરાવનાર કાલાવડ તાલુકાના નીકાવા ગામના વતની એવા રાજુભાઈ



રામોલિયાના જન્મ દિવસ નિમિતે દેવભૂમિ દ્વારકા ખાતે જગત મંદિર ના શિખરે ૬/૧૦/૨૦૨૪ ના સુવર્ણ દિવસે દ્વારકાધીશના ચરણો મા શીશ ઝુકાવી જગત મંદિરના શિખરે ધ્વજા લહેરાવી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.આ ભવ્ય ધ્વજા રોહણ કાર્યક્રમ મા જામનગર અને દેવભૂમિ દ્વારકાના લોકપ્રિય સાંસદ પૂનમબેન માડમ પણ ખાસ ઉપસ્થિત રહી રામોલિયા પરિવારના પ્રસંગને દીપાવ્યો હતો.

## મોચીનગરમાં કેટરર્સના ધંધાર્થીના મકાનમાં ચાલતી દારૂની મહેફિલમાં દરોડો ચાર ઝડપાયા

રાજકોટઃ મોચીનગરમાં કેટરર્સના ધંધાર્થીના મકાનમાં ચાલતી દારૂની મહેફિલમાં દરોડો પાડી ચાર શખ્સોને ઝડપી પાડી ગુનો નોંધ્યો હતો. દરોડાની વિગત મુજબ ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઇ એસ.એલ.ગોહિલ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં.ત્યારે હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા, કોન્સ્ટેબલ પ્રદિપ ડાંગર, મુકેશ સબાડ, રોહિતદાન ગઢવી સહિતના સ્ટાફને શીતલપાર્ક મેઈન રોડ આર.સી.કે. પાર્ક પાસે, મોચીનગર પ્લોટ નં.૪૦, કિસ્મત પાન વાળી શેરીમા અંતરસીંગ યાદવના રહેણાંક મકાનની અંદર દારૂની મહેફીલ ચાલે છે, તેવી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી મકાનની અંદર રૂમમાં ૦૪ શખ્સો ગોળ કુંડાળુ વળી બેસેલ હોય અને વચ્ચેના ભાગે દારૂની બોટલ ભરેલી પડેલ હતી. તેમજ પ્રવાહી ભરેલ ગ્લાસમાંથી કેફી પ્રવાહીની તીવ્ર વાસ આવતી હતી.

## એકલવાયુ જીવનથી કંટાળી પ્રૌઢે આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટઃ બેડી ગામમાં રહેતાં દિનેશભાઈ રાણવાએ એકલવાયું જીવનથી કંટાળી ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બાદ તેઓને સારવારમાં ખસેડાયા હતા. બનાવની વિગત મુજબ બેડી ગામમાં રહેતાં દિનેશભાઈ શામજીભાઈ રાણવા (ઉ.વ.૫૨) તેઓએ આજે સવારે છ વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. અને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં સારવારમાં સારુ જણાતાં તબીબે રજા આપી હતી. દિનેશભાઈને સંતાનમાં બે પુત્રી છે. અને બંને પુત્રી હાલ સાસરે રહે છે.અને હાલ તેઓ એકલવાયુ જીવન જીવે છે. તેઓ રિક્ષા ચલાવે છે. એકલવાયુ જીવનથી કંટાળી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

# ખેલૈયાઓને રાહત : નવરાત્રીના બાકીના દિવસોમાં પણ વરસાદી વિઘ્ન નહીં આવે : ૧૨ - ૧૩મીએ કયાંક ઝાપટા પડશે

## બે – ત્રણ દિવસમાં સમગ્ર રાજયમાંથી ચોમાસુ પાછુ ખેંચાઇ જશે આગમના એંધાણ : ૧૪ થી ૨૦ દરમ્યાન કમોસમી વરસાદના સંજોગો



રાજકોટ, તા. ૮

નવરાત્રીમાં મેઘરાજા વિઘ્ન નાંખશે કે કેમ તેની ચિંતા વચ્ચે અડધા દિવસો પૂર્ણ થઇ ગયા છે અને બાકીના દિવસોમાં પણ વરસાદી વિઘ્ન આવવાની ખાસ શકયતા ન હોવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે કરી છે. જોકે ૧૨ અને ૧૩ ઓકટોબરે અમુક સીમીત વિસ્તારોમાં સામાન્ય ઝાપટા પડી શકે તેમ હોવાની સંભાવના પણ દર્શાવી છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે, ચોમાસાની વિદાય રેખા ૨૯ ઉત્તર અને ૮૪ પૂર્વ પર સુલતાનપુર, પન્ના, નર્મદાપુરમ, નંદનબાર અને નવસારીથી ૨૦ ડિગ્રી નોર્થ અને ૭૦ ડિગ્રી વેસ્ટમાંથી પસાર થાય છે. આવતા બે ત્રણ દિવસમાં ગુજરાતના બાકીના ભાગો તથા મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાંથી પાછુ ખેંચાવાના પરીબળો ઉભા થઇ જશે.

આ સિવાય અન્ય પરિબળોમાં અપર એર સાયકલોનીક સરકર્યુલેશન દક્ષિણ કેરળ પાસે છે અને નીચલા મીડ લેવલ સુધી વિસ્તારેલુ છે. આ ઉપરાંત એક ટ્રફ દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીથી દક્ષિણ તામિલનાડુ તથા લક્ષદ્વીપ સુધી પહોંચે છે તેના પ્રભાવથી ૯મી ઓકટોબર આસપાસ લક્ષદ્વીપ તથા આસપાસના વિસ્તારો અને મધ્ય પૂર્વ અરબી સમુદ્રમાં લો પ્રેસર ઉભુ થવાની સંભાવના છે અને તે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે.

તા.૭ થી ૧૩ ઓકટોબરની આગાહી કરતા તેઓએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આ દરમ્યાન વરસાદી વિરામ જ રહેવાની સંભાવના છે અને આ સમયગાળા દરમ્યાન સમગ્ર ગુજરાતમાંથી ચોમાસુ વિદાય લઇ લેશે. વાતાવરણ પણ મુખ્યત્વે સુકકુ અને સ્વચ્છ રહેશે. જોકે ૧૨ અને ૧૩ ઓકટોબરે અમુક સીમીત વિસ્તારોમાં છુટાછવાયા ઝાપટા પડી શકે છે. આ દરમ્યાન અરબી સમુદ્રમાં લોપ્રેસર ઉભુ થવાની પણ સંભાવના છે.

જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે આગમના એંધાણ રૂપ આગોતરી આગાહીમાં એવો નિર્દેશ કર્યો છે કે ૧૪ થી ૨૦ ઓકટોબર દરમ્યાન રાજયમાં કમોસમી વરસાદના સંજોગો ઉભા થઇ શકે છે. જોકે આવી શકયતા ૬૦ ટકા છે અને તે લોપ્રેસર સિસ્ટમની મજબુતી તથા અન્ય સંલગ્ન પરિબળો આધારીત રહેશે.

તેમણે કહ્યું કે, આવતા દિવસોમાં ઉભી થનારી લોપ્રેસર સિસ્ટમ મજબુત થઇને ઉતર-પશ્ચિમ તરફ ગતિ કરે તેવું અનુમાન છે.

# બિટકોઈન ઉછળીને ફરી એકવાર ૬૪૦૦૦ ડોલરની નજીક પહોંચ્યો

## યુએઈ દ્વારા ક્રિપ્ટોના વ્યવહારને વેટમાંથી મુક્તિ



મુંબઈઃ અમેરિકામાં રોજગારના આંકડા મજબૂત આવ્યા બાદ મંદીની ચિંતા હળવી થતા ક્રિપ્ટોકરન્સીસ બજારમાં આકર્ષણ જોવા મળ્યું હતું. મુખ્ય ક્રિપ્ટો બિટકોઈનની આગેવાની હેઠળ ક્રિપ્ટોસની વૈશ્વિક માર્કેટ કેપમાં પણ સોમવારે ઉછાળો જોવા મળ્યો હતો. યુનાઈટેડ આરબ અમિરાતસે (યુએઈ) ક્રિપ્ટોને વેલ્યુ એડેડ ટેકસ (વેટ)માંથી મુક્તિ આપ્યાના અહેવાલે પણ બજારને ટેકો મળ્યો હતો.

અમેરિકામાં સપ્ટેમ્બરમાં અઢી લાખથી વધુ રોજગાર ઉમેરાયા હતા જે અપેક્ષા કરતા વધુ છે. રોજગારમાં મજબૂત ઉમેરાથી અર્થતંત્રમાં મંદીની ચિંતા હળવી થઈ છે. અમેરિકામાં બેરોજગારીનો દર પણ જે ઓગસ્ટમાં ૪.૨૦ ટકા હતો તે સપ્ટેમ્બરમાં ઘટી ૪.૧૦ ટકા પર આવી ગયો હતો. છેલ્લા ચોવીસ કલાકમાં બિટકોઈન અઢી ટકાથી વધુ વધી મોડી સાંજે ૬૩૫૦૦ ડોલર બોલાતો હતો. એથરમ પણ ૨૪૫૦ ડોલર મુકાતો હતો. બિટકોઈન ઉપરમાં ૬૩૯૫૬ ડોલરની નજીક જોવા મળ્યો હતો. ઊંચા મથાળે પ્રોફિટ બુકિંગથી ભાવમાં પીછેહઠ થઈ હતી. ચીનમાં સરકારે છેલ્લા કેટલાક મહિનાથી પૂરા પાડેલા સ્ટીમ્યુલસથી ચીનનું અર્થતંત્ર ફરી બેઠું થઈ રહ્યું છે જેને કારણે પણ બજારના માનસમાં સુધારો જોવાયો છે. એકસચેન્જો પર બિટકોઈન હોલ્ડિંગ્સ ૨૦૧૮ના નવેમ્બર બાદ નીચી સપાટીએ પહોંચી ગયું છે. લિક્વિડિટીમાં આ ઘટાડાએ પણ ભાવને ટેકો આપ્યો હોવાનું બજારના વર્તુળો માની રહ્યા છે.

બીજી બાજુ યુએઈએ દરેક ક્રિપ્ટો વ્યવહારોને વેટની ચૂકવણીમાંથી મુક્તિ આપતા તેને કારણે પણ બજારને ટેકો મળ્યાનું સુત્રોએ જણાવ્યું હતું. આ મુક્તિ ૨૦૧૮ની ૧લી જાન્યુઆરીની પાછલી તારીખથી પૂરી પાડવામાં આવી છે. બિટકોઈન ઉપરાંત, એકસઆરપી, ડોજકોઈન, સોલાના, બીએનબીમાં પણ ૬ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે. આ ઉછાળાને પગલે ક્રિપ્ટોકરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ વધી ૨.૨૧ ટ્રિલિયન ડોલરને પાર કરી ગઈ હતી.

# વિદેશી રોકાણકારો ચીન તરફ ડાયવર્ટ? છ દિવસમાં રૂ. ૪૦૦૦૦ કરોડનું રોકાણ પાછું ખેંચ્યું



અઠવાડિયું બદલાઈ ગયું પરંતુ શેરબજારની સ્થિતિ જૈસે થૈ રહી છે. ગત સપ્તાહે સળંગ પાંચ દિવસ શેરબજાર તૂટ્યા બાદ આજે ફરી મોટા કડાકા સાથે રેડઝોનમાં બંધ રહ્યું હતું. ઈન્ટ્રા ડે ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૮૦૦ પોઈન્ટથી વધુ તૂટ્યો જ્યારે નિફ્ટી પણ ૨૩૦ પોઈન્ટથી વધુ તૂટ્યો હતો. છેલ્લા છ દિવસમાં રોકાણકારોના લગભગ ૨૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. વિદેશી રોકાણકારો ભારતીય બજારોમાંથી ૪૦ હજાર કરોડ સુધીનું રોકાણ પાછું ખેંચી ચૂક્યા છે.

વિદેશી રોકાણકારોની મોટાપાયે વેચવાલીનું એક કારણ ચીનનું રાહત પેકેજ છે. ચીને તેની અર્થવ્યવસ્થાને રિકવર કરવા માટે તાજેતરમાં એક મોટા રાહત પેકેજની જાહેરાત કરતાં એફઆઈઆઈ ભારતમાંથી ફરી પાછા ચીન તરફ ડાયવર્ટ થયા છે. બીજી તરફ ભારતીય શેરબજારો ઓવરબોટ થયા છે. જેથી રોકાણકારો ચીનના શેરબજારમાં નીચા મથાળે ખરીદી કરી આ રાહત પેકેજનો લાભ લેવા તત્પર બન્યા છે.ગ્લોબલ બ્રોકરેજ ફર્મ એ ભારતીય ઈક્વિટીમાં રોકાણ ઘટાડીને ચીનમાં તેનું રોકાણ વધાર્યું છે. એ જણાવ્યું હતું કે તે ભારત પર તેનું ઓવરવેઈટ ૨૦% થી ઘટાડી ૧૦% અને ચીન પર ૫% કર્યું છે. વિદેશી કંપનીઓનું કહેવું છે કે ભારતીય ઈક્વિટી ત્રણ કારણોસર પ્રભાવિત થઈ રહી છે. તેમાં ક્રૂડના ભાવ, ની તેજી અને માર્કેટના વધુ પડતાં વોલ્યૂમ સામેલ છે. ફર્મના વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ભારતે ચીન કરતાં ૨૧૦% વધુ સારૂ પ્રદર્શન કર્યું છે. જેથી હવે તેની વેલ્યૂ ખૂબ ઉંચી થઈ છે. જો કે, દેશનો સ્કેલેબલ ગ્રોથ ખૂબ ઊંચો છે. ચીનના શેરબજાર છેલ્લા બે-ત્રણ વર્ષથી ખરાબ પ્રદર્શન કર્યા બાદ હવે સુધરી રહ્યા છે.

આમંત્રણમ્






# સ્વ. ભીખાભાઈ જસમતભાઈ વસોયા

(પૂર્વ પ્રમુખશ્રી શહેર ભાજપ રાજકોટ અને પૂર્વ ડેપ્યુટી મેયરશ્રી રાજકોટ શહેર)

ની **ચોથી વાર્ષિક પૂણ્યતિથિ** નીમીતે...

## મહા રકતદાન કેમ્પ તથા ફ્રી સર્વરોગ નિદાન કેમ્પ

**તારીખ** : ૯-૧૦-૨૦૨૪, બુધવાર, **સમય** : સવારે ૮:૦૦ થી ૧:૦૦

**સ્થળ** : સોરઠીયા પરિવારની વાડી,મવડી બાયપાસ રોડ, મવડી, રાજકોટ.

:: **નિમંત્રક** ::

જયદિપ ભીખાભાઈ વસોયા







ચાલો કરીએ રકતદાન અને બનીએ દેશનું અભિમાન



તમે મહાન છો કેમ કે રકતદાન કરો છો.



મારૂ દિલ કહે છે એક વાત રકતદાન કરીએ વારંવાર


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે

## તમે પણ બનો ડિજિટલ...



## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

# 98983 17826



## અને જોડાઇ જાવ અમારી સાથે...

લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી

AM TRADING

ફ્રી એડવાઈઝરી

EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY

Design by:- With Me Digital : 9537300305



દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.

Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062